સ્પર્ધાત્મક પરીક્ષાના ટોપર્સ વિદ્યાર્થીઓ માટેનું નં. 1 મેગેઝિન

# ICE® MAGIC

CURRENT AFFAIRS

WEEK 36 (04/09/22 to 10/09/22)

સંપાદક
મૌલિક ગોંધિયા
(Director - ICE)










JOIN OUR WHATSAPP GROUP
joinicerajkot.com

JOIN OUR TELEGRAM
t.me/icerajkotofficial

સ્પર્ધાત્મક પરીક્ષાની લેટેસ્ટ માહિતી અને ફ્રી મટીરિયલ્સ
તેમજ રેગ્યુલર કરંટ અફેર્સ મેળવવા માટે Click કરો.

CONTACT US :

93757-01110 | www.iceonline.in | t.me/icerajkotofficial | icerajkot

# Timeline

## 04 SEP-2022


- ભારતનું પ્રથમ સ્વદેશી નિર્મિત એરક્રાફ્ટ કેરિયર INS વિક્રાંત ભારતીય નેવીને સોંપ્યું ........ 02
- ભારતીય નૌકાદળના નવા ધ્વજનું અનાવરણ કરવામાં આવ્યું ........ 04
- સર્વાઇકલ કેન્સર સામે ભારતની પ્રથમ સ્વદેશી રીતે વિકસિત qHPV વેક્સિન લોન્ચ કરવામાં આવી ........ 06
- QUESTION ANSWERS ........ 07


## 05 SEP-2022


- દિવસ મહિમા : 04 સપ્ટેમ્બર, રાષ્ટ્રીય શિક્ષક દિવસ (National Teacher's Day), International Day of Charity (દાન માટેનો આંતરરાષ્ટ્રીય દિવસ) ........ 08
- ભારત વિશ્વની પાંચમી સૌથી મોટી અર્થવ્યવસ્થા બની ........ 08
- ISROએ 'Inflatable Aerodynamic Decelerator'નું પરીક્ષણ કર્યું ........ 09
- QUESTION ANSWERS ........ 11


## 06 SEP-2022


- રેમન મેગ્સેસે એવોર્ડ 2022 ........ 12
- પીએમ શ્રી યોજના (PM SHRI Yojna) ........ 14
- QUESTION ANSWERS ........ 15


## 07 SEP-2022


- દિવસ મહિમા : 07 સપ્ટેમ્બર, વાદળી આકાશ માટે આંતરરાષ્ટ્રીય સ્વચ્છ વાયુ દિવસ (International Day of Clean Air for Blue Skies) ........ 16
- સુશ્રી લિઝ ટ્રસ બ્રિટનના નવા વડાપ્રધાન બન્યા ........ 16
- ભારત અને બાંગ્લાદેશ વચ્ચે કરાર ........ 17
- QUESTION ANSWERS ........ 19


## 08 SEP-2022


- દિવસ મહિમા : 08 સપ્ટેમ્બર, વિશ્વ સાક્ષરતા દિવસ (International Literacy Day), વિશ્વ ભૌતિક ચિકિત્સા દિવસ (World Physical Therapy Day) ........ 20
- શ્રી ભૂપેન હજારિકા (Bhupen Hazarika) ........ 20
- WEST : ન્યૂ I-STEM પહેલ ........ 21
- QUESTION ANSWERS ........ 23


## 09 SEP-2022


- દિવસ મહિમા : 09 સપ્ટેમ્બર, હુમલાથી શિક્ષણના રક્ષણ માટેનો દિવસ (International Day to Protect Education from Attak), હિમાલય દિવસ (Himalaya Day) ........ 24
- વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ 'કર્તવ્ય પથ'નું ઉદ્ઘાટન કર્યું ........ 24
- Human Development Report 2021-22 ........ 26
- QUESTION ANSWERS ........ 28


## 10 SEP-2022


- દિવસ મહિમા : 10 સપ્ટેમ્બર, વિશ્વ આત્મહત્યા નિવારણ દિવસ (World Suicide Prevention Day), વિશ્વ EV દિવસ ........ 30
- પ્રધાનમંત્રી ટીબી મુક્ત ભારત અભિયાન ........ 31
- શ્રી નીરજ ચોપરા ઝુરિચ ડાયમંડ લીગ ફાઈનલ જીતનાર પ્રથમ ભારતીય બન્યા ........ 32
- QUESTION ANSWERS ........ 33

ONE LINER ........ 34

QUESTION OF THIS WEEK ........ 39


ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

# ભારતનું પ્રથમ સ્વદેશી નિર્મિત એરક્રાફ્ટ કેરિયર INS વિક્રાંત ભારતીય નેવીને સોંપ્યું

ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ તાજેતરમાં ભારતનું પ્રથમ સ્વદેશી નિર્મિત એરક્રાફ્ટ કેરિયર INS વિક્રાંત ભારતીય નેવીને સોંપ્યુ હતું.

- INS વિક્રાંત પર એરક્રાફ્ટ લેન્ડિંગ ટ્રાયલ નવેમ્બરમાં શરૂ થશે. અને 2023ના મધ્ય સુધીમાં પૂર્ણ થશે.
- તથા કેરિયર 2023ના અંત સુધીમાં સંપૂર્ણ રીતે કાર્યરત થઈ જશે.

## INS વિક્રાંત



INS વિક્રાંતને 'સ્વદેશી વિમાન વાહક–1' (IAC-1) તરીકે પણ ઓળખવામાં આવે છે.

- આ જહાજનું નિર્માણ કેરળના કોચીમાં 'કોચિન શિપયાર્ડ' દ્વારા કરવામાં આવ્યું છે.
- INS વિક્રાંત 262 મીટર લાંબુ અને 62 મીટર પહોળુ છે.
- તથા તેની ઊંચાઈ 59 મીટર છે.
- INS વિક્રાંતનું વજન લગભગ 40,000 ટન જેટલું છે.
- INS વિક્રાંતની ડિઝાઈન પર કામ વર્ષ 1999માં શરૂ થયું હતું અને તેનો પાયો ફેબ્રુઆરી 2009માં નખાયો હતો.
- તેમાં 2,300થી વધુ કમ્પાર્ટમેન્ટ્સ છે, જે લગભગ 1,700 લોકોના ક્રૂ માટે રચાયેલ છે.
- આ ઉપરાંત મહિલા અધિકારીઓ માટે વિશિષ્ટ કેબિનનો સમાવેશ થાય છે.
- INS વિક્રાંતની મહત્તમ ઝડપ 28 નોટ્સ છે એટલે કે લગભગ 51 કિલોમીટર/કલાક.
- તેની સામાન્ય ઝડપ 18 નોટ્સ છે એટલે કે 33 કિલોમીટર પ્રતિકલાક છે. તથા 18 નોટ્સની ઝડપે 7500 નોટ્સની સહનશક્તિ ધરાવે છે.
- આ એરક્રાફ્ટ કેરિયરની વિમાનો લઈ જવાની ક્ષમતા અને તેમાં લાગેલા હથિયારો તેને દુનિયાના ખતરનાક યુદ્ધજહાજોમાં સામેલ કરે છે.
- ભારતીય નેવીના જણાવ્યા અનુસાર આ યુદ્ધ જહાજ એકવારમાં 30 એરક્રાફ્ટ લઈ જઈ શકે છે.
- તેમાં Mig-29K ફાઈટર જેટ્સની સાથે કામોવ–31 અર્લી વોર્નિંગ હેલિકોપ્ટર્સ, MH-60R મલ્ટી રોલ હેલિકોપ્ટર અને HAL દ્વારા નિર્મિત્ત એડવાન્સ લાઈટ હેલિકોપ્ટર પણ સામેલ છે.
- આ ઉપરાંત નેવી માટે ભારતમાં નિર્મિત્ત લાઈટ કોમ્બેટ એરક્રાફ્ટ–LCA તેજસ પણ આ કેરિયર પરથી સરળતાથી ઉડાન ભરી શકે છે.

INSTITUTE FOR C

- આ જહાજમાં વિમાનની કામગીરીને નિયંત્રિત કરવા માટે રનવે અને 'શોર્ટ ટ્રેક ઓફ એરેસ્ટ રિકવરી' સિસ્ટમ પણ ઉપલબ્ધ છે.
- તેનું આદર્શ વાક્ય 'જયમા સમ યુધિ સ્પર્ધા' છે. એટલે કે 'મારી સામે લડનારાઓને હું હરાવીશ'.
- તે સૌથી મોટું અને જટિલ યુદ્ધ જહાજ છે. જેને ભારતમાં પ્રથમ વખત ડિઝાઈન અને નિર્માણ કરવામાં આવ્યું છે.
- આ સાથે, ભારત હવે એવા દેશોના સમુહમાં શામેલ થયો છે કે જે સ્વદેશી રીતે આવા વિમાન વાહક જહાજોની રચના, નિર્માણ અને સંકલન કરવાની ક્ષમતા ધરાવે છે.
- અમેરિકા, બ્રિટન, રશિયા, જાપાન, ઈટાલી અને ફ્રાન્સ જેવા દેશોમાં આવી ક્ષમતાઓ છે.

**નોંધ:** (1) વિમાન વાહક જહાજ એ એક યુદ્ધ જહાજ છે, જેની પ્રાથમિક કામગીરી વિમાનોને તૈનાત કરવાની અને ઉતારવાની છે.

(2) INS વિક્રાંત નામ ભારતના પ્રથમ વિમાન વાહક જહાજ INS વિક્રાંતના નામ પરથી રાખવામાં આવ્યું છે, જે બ્રિટન પાસેથી ખરીદવામાં આવ્યું હતું. તથા તે વર્ષ 1997માં નિવૃત્ત થયું હતું.

(3) 100 MSME સહિત 550 જેટલી ભારતીય કંપનીઓએ આ યુદ્ધ જહાજના નિર્માણ માટે સેવાઓ પૂરી પાડી છે. તથા અસંખ્ય લોકોને સીધી રોજગારી મળી છે.

(4) INS વિક્રાંત 'Short Take off but Arrested Recovery Mechanism' (STOBAR)પર કામ કરે છે. તથા તે 4 જનરલ ઈલેક્ટ્રિક ગેસ ટર્બાઈન દ્વારા સંચાલિત છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## INS વિક્રાંતનું મહત્વ

INS વિક્રાંત હિંદ મહાસાગર ક્ષેત્રમાં યુદ્ધ અને દરિયાઈ નિયંત્રણ ક્ષમતાઓને મજબૂત બનાવે છે.

- નૌકાદળમાં તેના સમાવેશ સાથે આ એરક્રાફટ કેરિયર ભારતીય નૌકાદળને એક મુખ્ય મેરીટાઈમ મિલિટરી ફોર્સ અથવા 'બ્લુ વોટર ફોર્સ' તરીકે સ્થાપિત કરશે જે દૂરના દરિયામાં તેની શક્તિ દર્શાવવાની ક્ષમતા ધરાવે છે.
- તે ખાસ કરીને હિંદ મહાસાગર ક્ષેત્રમાં 'શુદ્ધ સુરક્ષા પ્રદાતા' (Net Security Provider) તરીકે ભારતના ઉદભાવના દષ્ટિકોણથી મહત્વપૂર્ણ છે. જ્યાં તેનો મુકાબલો ચીન સાથે છે.
- તે વાયુસેનાની શક્તિને લાંબી શ્રેણી સાથે રજૂ કરીને એક અજોડ લશ્કરી સાધન તરીકે પણ કામ કરશે. જેમ કે હવાઈ અવરોધ, સપાટી યુદ્ધ, આક્રમક અને રક્ષણાત્મક કાઉન્ટર એર, એરિયલ એન્ટી સબમરીન યુદ્ધ અને હવાઈ હુમલાની પ્રારંભિક ચેતવણી સહિત.

## વિશ્વના અન્ય મુખ્ય વિમાનવાહક જહાજ

| ક્રમ | દેશ | વિમાન વાહક જહાજ |
|---|---|---|
| 1 | અમેરિકા | USS Gerald R Ford class |
| 2 | ચીન | Fujian (ફુજિયાન) |
| 3 | યુનાઈટેડ કિંગ્ડમ | Queen Elizabeth Class |
| 4 | રશિયા | Admiral Kuznetsov |
| 5 | ફ્રાન્સ | Charles De Gaulle |
| 6 | ઈટાલી | Cavour |

## ભારતીય નૌકાદળના નવા ધ્વજનું અનાવરણ કરવામાં આવ્યું

ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ કોચીન શિપયાર્ડ લિમિટેડમાં INS વિક્રાંતને ભારતીય નૌકાદળને સોંપતી વખતે ભારતીય નૌકાદળના નવા ધ્વજનું અનાવરણ કર્યું હતું.

- આ નવો ધ્વજ મહાન ભારતીય સમ્રાટ છત્રપતિ શિવાજીની મુદ્રામાંથી પ્રેરિત છે.

### નૌકાદળનો નવો ધ્વજ

આ નવા ધ્વજમાં બે મુખ્ય ઘટકો છે : ઉપર ડાબી બાજુએ કેન્ટન રાષ્ટ્રીય ચિહ્ન અને ફ્લાય સાઈડની મધ્યમાં નેવી બ્લૂ–ગોલ્ડ અષ્ટકોણ.



- આ નવા ધ્વજમાંથી સેન્ટ જ્યોર્જ ક્રોસ હટાવી દેવામાં આવ્યો છે. તેના સ્થાને શ્રી છત્રપતિ શિવાજી મહારાજની શાહી મુદ્રા મુકવામાં આવી છે.
- નવા ધ્વજમાં ઉપર ડાબી બાજુએ ભારતીય ત્રીરંગો છે તથા તેની બાજૂમાં વાદળી પૃષ્ઠ ભૂમિ પર સોનેરી રંગમાં અશોકનું પ્રતિક છે.
- તેની નીચે સંસ્કૃત ભાષામાં 'શમ નો વરુણ' લખેલું છે તેનો અર્થ એ છે કે પાણીના દેવતા વરુણ આપણા માટે શુભ છે.

- આ નવા ધ્વજમાં નીલા રંગનો અષ્ટકોણ આકાર આઠ દિશાઓનું પ્રતિનિધિત્વ કરે છે, જે ભારતીય નૌકાદળની બહુપક્ષીય પહોંચ અને બહુવિધ કાર્યકારી ક્ષમતાનું પ્રતિક છે. જ્યારે એન્કર પ્રતિક 'મક્કમતા'નું પતિનિધિત્વ કરે છે.

## ભારતીય નૌકાદળના ધ્વજનો ઈતિહાસ

વર્ષ 1947માં ભારત સ્વતંત્ર થયું એ પછી ત્રણ વર્ષ સુધી ભારતીય નૌકાદળના ધ્વજમાં યુનિયન જેક અર્થાત બ્રિટિશ ધ્વજ અને તેની સાથે સેન્ટ જ્યોર્જનો ક્રોસ રાખવામાં આવ્યો હતો.

- ત્યારબાદ 1950માં આ ડિઝાઈનમાં ફેરફાર કરીને યુનિયન જેકના સ્થાને ભારતીય ત્રિરંગો મુકવામાં આવ્યો હતો. પરંતુ તેની સાથે ક્રોસ યથાવત રહ્યો હતો.
- નૌકાદળનો આ ધ્વજ 2001 સુધી અસ્તિત્વમાં હતો, પરંતુ તે સમયે સત્તા પર આવેલી શ્રી અટલ બિહારી વાજપેયજીની સરકાર દ્વારા ક્રોસ હટાવીને નૌકાદળનું પ્રતિક અને અશોક સ્તંભ (વાદળી રંગમાં) રાખવામાં આવ્યો હતો.
- વાદળી રંગ સમુદ્ર અને આકાશ સાથે ભળી જાય છે, જેના કારણે તે દેખાતો નથી તેવી ફરિયાદો હતી.
- ત્યારબાદ વર્ષ 2004માં તેને ફરી બદલવામાં આવ્યો. જેમાં ફરી સેન્ટ જ્યોર્જનો ક્રોસ મુકવામાં આવ્યો હતો. તથા ક્રોસની મધ્યમાં અશોક સ્તંભ પણ રાખવામાં આવ્યો હતો.
- જે વર્તમાન સુધી અસ્તિત્વામાં હતો.
- નોંધનીય છે કે વર્ષ 2014માં એક ફેરફાર કરવામાં આવ્યો હતો. જેમાં દેવનાગરી લિપિમાં અશોક સ્તંભની નીચે ધ્વજ પર 'સત્યમેવ જયતે' શબ્દ લખવામાં આવ્યો હતો.

**નોંધ:** (1) રેડ ક્રોસ સફેદ પૃષ્ઠભૂમિ પર સેન્ટ જ્યોર્જ ક્રોસ તરીકે પ્રદર્શિત થાય છે. જેનું નામ એક ખ્રિસ્તી યૌદ્ધાના નામ પરથી રાખવામાં આવ્યું છે. જે ખ્રિસ્તીઓના ત્રીજા ધર્મયુદ્ધમાં સામેલ એક યોદ્ધા હતા.

(2) આ ધ્વજ ઈંગ્લેન્ડના ધ્વજ તરીકે પણ કામ કરે છે.

(3) ભૂમધ્ય સમુદ્રમાં પ્રવેશના અંગ્રેજી જહાજોને ઓળખવા માટે વર્ષ 1990માં ઈંગ્લેન્ડ અને લંડન શહેર દ્વારા તેને અપનાવવામાં આવ્યો હતો.

(4) મોટા ભાગના કોમનવેલ્થ દેશોએ તેમની સ્વતંત્રતા સમયે રેડ ક્રોસ જાળવી રાખ્યો હતો, જોકે ઘણા દેશોએ વર્ષોથી તેમની સાથે સંબંધિત નૌકાદળમાંથી રેડ જ્યોર્જ ક્રોસને હટાવી દીધો છે. તેમાં ઓસ્ટ્રેલિયા, ન્યુઝીલેન્ડ અને કેનેડા મુખ્ય છે.

# સર્વાઈકલ કેન્સર સામે ભારતની પ્રથમ સ્વદેશી રીતે વિકસિત qHPV વેક્સિન લોન્ચ કરવામાં આવી

તાજેતરમાં સીરમ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડિયા (SII) અને બાયોટેકનોલોજી વિભાગે સર્વાઈકલ કેન્સરની રોકથામ માટે સ્વદેશી રીતે વિકસિત ક્વાડ્રિવેલેન્ટ હ્યુમન પૈપિલોમા વાયરસ (HPV) રસી લોન્ચ કરી છે.

- ડ્રગ કંટ્રોલર જનરલ ઓફ ઈન્ડિયા (DCGI)એ ગયા મહિને સીરમ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડિયા (SII)ને સર્વાઈકલ કેન્સર સામે સ્વદેશી રીતે વિકસિત રસી બનાવવા માટે બજાર પરવાનગી આપી હતી.
- સર્વાઈકલ કેન્સરને રોકવા માટે ભારતમાં આ પ્રથમ ક્વાડ્રીવેલેન્ટ હ્યુમન પૌપિલોમા વાયરસ રસી હશે.
- આ રસી લોન્ચ કર્યા બાદ સરકાર ટૂંક સમયમાં 9-14 વર્ષની વય જૂથની છોકરીઓ માટે રાષ્ટ્રીય રસીકરણ કાર્યક્રમ ચલાવશે.
- સર્વાઈકલ કેન્સર (ગર્ભાશયનું કેન્સર) એ ભારતમાં મહિલાઓમાં બીજા નંબરનું સૌથી સામાન્ય કેન્સર છે, જો કે તે અટકાવી શકાય તેવું છે.




**1.** તાજેતરમાં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ભારતનું પ્રથમ સ્વદેશી નિર્મિત એરક્રાફ્ટ કેરિયર INS વિક્રાંત ભારતીય નેવીને સોંપ્યુ હતું. આ INS વિક્રાંત સંદર્ભે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?

1. INS વિક્રાંતને 'સ્વદેશી વિમાન વાહક–1' (IAC-1) તરીકે પણ ઓળખવામાં આવે છે.
2. તેનું નિર્માણ કેરળના કોચીમાં 'કોચિન શિપયાર્ડ' દ્વારા કરવામાં આવ્યું હતું.
3. INS વિક્રાંત 262 મીટર લાંબુ અને 62 મીટર પહોળું છે. તથા તેની ઊંચાઈ 59 મીટર છે.
4. આ જહાજ 63% સ્વદેશી રીતે અને 37% રશિયા અને જાપાનના સહયોગથી નિર્માણ પામ્યું છે.

યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(A) ફક્ત 1, 3 અને 4 (B) ફક્ત 2, 3 અને 4 (C) ફક્ત 1, 2 અને 3 (D) 1, 2, 3 અને 4 **(C)**

---

**2.** તાજેતરમાં ચર્ચામાં રહેલ 'INS વિક્રાંત' શું છે ?

(A) ભારતનું પ્રથમ સ્વદેશી વિમાન વાહક જહાજ (B) ભારતનું પ્રથમ સ્વદેશી હેલિકોપ્ટર

(C) ભારતમાં નિર્માણ પામેલુ નવું પરમાણુ રિએક્ટર (D) ઉપરોક્ત પૈકી એકપણ નહીં **(A)**

---

**3.** ભારતનું પ્રથમ સ્વદેશી વિમાન વાહક જહાજ 'INS વિક્રાંત'નું આદર્શ વાક્ય શું છે ?

(A) જયમા સમ યુધિ સ્પર્ધા (B) સત્યમ શિવમ સુંદરમ

(C) ધર્મો રક્ષતિ રક્ષિત (D) જ્ઞાનમ વિજ્ઞાનમ સહિતમ્ **(A)**

---

**4.** તાજેતરમાં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ભારતીય નૌકાદળના નવા ધ્વજનું અનાવરણ કર્યુ હતું. આ નવો ધ્વજ ...........ની મુદ્રામાંથી પ્રેરિત છે.

(A) શ્રી પૃથ્વીરાજ ચૌહાણ (B) શ્રી છત્રપતિ શિવાજી મહારાજ

(C) શ્રી ચંદ્રગુપ્ત મોર્ય (D) શ્રી વિક્રમાદિત્ય પ્રથમ **(B)**

---

**5.** તાજેતરમાં કઈ ફાર્મા કંપનીએ સર્વાઈકલ કેન્સરની રોકથામ માટે સ્વદેશી રીતે વિકસિત ક્વાડ્રિવેલેન્ટ હ્યુમન પૈપિલોમા વાયરસ (HPV) રસી લોન્ચ કરી છે ?

(A) ટોરેન્ટ ફાર્માસ્યુટિકલ્સ (B) ઝાયડસ લાઈફ સાયન્સ

(C) લ્યુપિન અને સિપલા (D) સીરમ ઈન્સ્ટિટયૂટ ઓફ ઈન્ડિયા **(D)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## દિવસ મહિમા : 04 સપ્ટેમ્બર, (1) રાષ્ટ્રીય શિક્ષક દિવસ (National Teacher's Day)
## (2) International Day of Charity (દાન માટેનો આંતરરાષ્ટ્રીય દિવસ)

### રાષ્ટ્રીય શિક્ષક દિવસ




સમગ્ર ભારતમાં દર વર્ષે 5 સપ્ટેમ્બરના રોજ 'રાષ્ટ્રીય શિક્ષક દિન'ની ઉજવણી કરવામાં આવે છે.

- ભારતમાં રાષ્ટ્રીય શિક્ષક દિવસની ઉજવણીનો પ્રારંભ વર્ષ 1962થી થયો હતો.
- ભારતના પ્રસિદ્ધ પ્રોફેસર, શિક્ષણશાસ્ત્રી, તત્ત્વચિંતક અને રાજપુરુષ ડો. સર્વપલ્લી રાધાકૃષ્ણનની યાદમાં તેમનો જન્મદિન 5 સપ્ટેમ્બર ભારતમાં શિક્ષકદિન તરીકે ઉજવાય છે.
- ડો. સર્વપલ્લી રાધાકૃષ્ણન ભારતના પ્રથમ ઉપરાષ્ટ્રપતિ અને દ્વિતીય રાષ્ટ્રપતિ હતા.
- 5 સપ્ટેમ્બર, 1888ના રોજ તમિલનાડુના તિરુત્તાની ખાતે તેમનો જન્મ થયો હતો.
- તેમને 1954માં 'ભારત રત્ન'થી સન્માનિત કરવામાં આવ્યા હતા.

નોંધ : (1) સમગ્ર વિશ્વના વિવિધ દેશોમાં 'શિક્ષક દિવસ'ની ઉજવણી જુદા–જુદા દિવસે કરવામાં આવે છે.
(2) યુનેસ્કો દ્વારા 1994માં 5 ઓક્ટોબરની 'વિશ્વ શિક્ષક દિવસ' તરીકે સ્થાપના કરવામાં આવી હતી.
(3) આથી, 'વિશ્વ શિક્ષક દિન' અથવા તો 'આંતરરાષ્ટ્રીય શિક્ષક દિન' 5 ઓક્ટોબરના રોજ ઉજવાય છે. જ્યારે ભારતમાં 'રાષ્ટ્રીય શિક્ષક દિન' 5 સપ્ટેમ્બરના રોજ ઉજવાય છે.
(4) ભારતના રાષ્ટ્રપતિ શ્રીમતી દ્રૌપદી મુર્મુએ શિક્ષક દિવસ નિમિત્તે 46 શિક્ષકોને વર્ષ 2022 માટે 'રાષ્ટ્રીય શિક્ષક પુરસ્કાર' એનાયત કર્યા હતા.

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ભારત વિશ્વની પાંચમી સૌથી મોટી અર્થવ્યવસ્થા બની.

તાજેતરમાં ભારત યુનાઈટેડ કિંગ્ડમને પાછળ રાખીને વિશ્વની પાંચમી સૌથી મોટી અર્થવ્યવસ્થા બની છે.

- અર્થવ્યવસ્થાની બાબતમાં ભારત હવે અમેરિકા, ચીન, જાપાન અને જર્મનીથી પાછળ છે.
- એક દાયકા પહેલા ભારત વિશ્વની સૌથી મોટી અર્થવ્યવસ્થાઓમાં 11માં ક્રમે હતું. જ્યારે યુ.કે. પાંચમાં ક્રમે હતું.
- અનિશ્ચિતતાઓથી ભરેલી દૂનિયામાં વાસ્તવિક GDP 6-6.5%ની વૃદ્ધિ સાથે વર્ષ 2029 સુધીમાં ભારત ત્રીજી સૌથી મોટી અર્થવ્યવસ્થા બનવા માટે તૈયાર છે.




- આર્થિક સંકટ વચ્ચે ભારતે પડકારોનો વધુ સારી રીતે સામનો કર્યો છે. જ્યારે બીજી તરફ બ્રિટન મંદીનો સામનો કરી રહ્યું છે.
- રિપોર્ટ અનુસાર માર્ચ ક્વાટરમાં 'નોમિનલ' રોકડના સંદર્ભમાં ભારતીય અર્થતંત્રનું કદ 854.7 બિલિયન ડોલર હતું, જ્યારે યુકેના અર્થતંત્રનું કદ સમાનગાળામાં 814 બિલિયન ડોલર હતું.
- જે સમયગાળા દરમિયાન આ ગણતરી કરવામાં આવી હતી તે સમયગાળા દરમિયાન ભારતનું ચલણ પાઉન્ડ સામે મજબૂત સ્થિતિમાં હતું.
- નોંધપાત્ર રીતે ભારતે કૃષિ અને સેવાક્ષેત્રમાં સારુ પ્રદર્શન કર્યુ છે.

નોંધ : (1) ભારતમાં નાણાકીય માથાદીઠ આવક ખૂબ જ ઓછી છે, 2021માં માથાદીઠ આવકના સંદર્ભમાં ભારત 190 દેશોમાંથી 122માં ક્રમે છે.

(2) ચાલુ નાણાકીય વર્ષના પ્રથમ ક્વાર્ટર (એપ્રિલ–જૂન)માં દેશોનો GDP 13.5 ટકા રહ્યો છે. તેજ સમયે ગયા નાણાકીય વર્ષ (2021-22)ના એપ્રિલ–જૂન ક્વાર્ટર સાથે સરખામણી કરીએ તો તે સમયે GDP વૃદ્ધિ દર 20.1 ટકા હતો.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## ISROએ 'Inflatable Aerodynamic Decelerator'નું પરીક્ષણ કર્યુ

તાજેતરમાં ISROએ 'ઈન્ફલેટેબલ એરોડાયનેમિક ડીસીલેરેટર' (IAD) ટેકનોલોજીનું સફળતાપૂર્વક પરીક્ષણ કર્યુ છે.

- જે વપરાયેલ રોકેટ સ્ટેજ અને લેન્ડ પેલોડ્સની ખર્ચ–અસરકારક પુનઃપ્રાપ્તિમાં મદદ કરી શકે છે.

### Inflatable Aerodynamic Decelerator (IAD)

ઈન્ફલેટેબલ એરોડાયનેમિક ડીસીલેરેટર (IAD)ને ISROના 'વિક્રમભાઈ સારાભાઈ સ્પેસ સેન્ટર' (VSSC) દ્વારા ડિઝાઈન અને વિકસાવવામાં આવ્યું છે.

- IADનું થુમ્બા ઈક્વેટોરિયલ રોકેટ લોન્ચિંગ સ્ટેશનથી રોહિણી 300 (RH 300 MK II) સાઉન્ડિંગ રોકેટમાં સફળતાપૂર્વક પરીક્ષણ કરવામાં આવ્યું હતું.
- રોહિણી સાઉન્ડિંગ રોકેટનો ઉપયોગ નિયમિતપણે ભારત અને વિદેશના વૈજ્ઞાનિકો દ્વારા ઉડાન પ્રદર્શન માટે કરવામાં આવે છે.
- IAD વાતાવરણમાંથી પડતી વસ્તુની ગતિને ધીમુ કરવા માટે કામ કરે છે.



- **IADને શરૂઆતમાં ફોલ્ડ કરીને રોકેટના <u>'પેલોડ બે'</u>ની અંદર મૂકવામાં આવ્યુ હતું.**
- **લગભગ <u>84 કિ.મી.ની ઊંચાઈ</u> પર IADમાં ગેસ ભરવામાં આવ્યો અને એક સાઉન્ડિંગ રોકેટના પેલોડ ભાગ સાથે વાતાવરણમાંથી નીચે ઉતર્યો હતો.**
- **IAD વિવિધ અવકાશ કાર્યક્રમો જેમ કે વપરાયેલ રોકેટ તબક્કાઓની પુનઃપ્રાપ્તિ, મંગળ અથવા શુક્ર પર પેલોડ ઉતારવા અને માનવ અવકાશ ઉડાન મિશન માટે અવકાશમાં રહેઠાણ બનાવવા માટે પ્રચંડ સંભાવના ધરાવે છે.**
- **IAD ભવિષ્યના ઘણા અવકાશ મિશન માટે ગેમ ચેન્જર સાબિત થઈ શકે છે. આ ટેકનિક વડે રોકેટની સ્પીડ પણ ધીમી કરી શકાશે જેથી વૈજ્ઞાનિકો રોકેટની સ્પીડને કન્ટ્રોલ કરી શકશે.**



1. ભારતમાં કયો દિવસ 'રાષ્ટ્રીય શિક્ષક દિન' તરીકે ઉજવાય છે ?

(A) 5 જૂન (B) 5 જુલાઈ (C) 5 ઓગસ્ટ (D) 5 સપ્ટેમ્બર (D)

2. યુનેસ્કો દ્વારા દર વર્ષે કયો દિવસ 'વિશ્વ શિક્ષક દિન' તરીકે ઉજવાય છે ?

(A) 5 સપ્ટેમ્બર (B) 5 ઓક્ટોબર (C) 15 નવેમ્બર (D) 15 ડિસેમ્બર (B)

3. 'ઈન્ટરનેશનલ ડે ઓફ ચેરિટી' અથવા તો 'દાન માટેના આંતરરાષ્ટ્રીય દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 3 સપ્ટેમ્બર (B) 4 સપ્ટેમ્બર (C) 5 સપ્ટેમ્બર (D) 6 સપ્ટેમ્બર (C)

4. તાજેતરમાં ભારત યુનાઈટેડ કિંગ્ડમને પછાડીને વિશ્વની કેટલામી સૌથી મોટી અર્થવ્યવસ્થા બની છે ?

(A) પાંચમી (B) છઠ્ઠી (C) સાતમી (D) આઠમી (A)

5. ISROએ તાજેતરમાં 'Inflateble Aerodynamic Decelerator'નું પરીક્ષણ કર્યુ હતું. તેના સંદર્ભે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?

1. તેને ISROના 'વિક્રમભાઈ સારાભાઈ સ્પેસ સેન્ટર' (VSSC) દ્વારા ડિઝાઈન અને વિકસાવવામાં આવ્યું છે.

2. તે વાતાવરણમાંથી પડતી વસ્તુની ગતિને ધીમુ કરવા કામ કરે છે.

3. તે વિવિધ અવકાશ કાર્યક્રમો જેમ કે વપરાયેલ રોકેટ તબક્કાઓની પુન:પ્રાપ્તિ, મગળ અથવા શુક્ર પર પેલોડ ઉતારવા અને માનવ અવકાશ ઉડાન મિશન માટે અવકાશમાં રહેઠાણ બનાવવા માટે પ્રચંડ સંભાવના ધરાવે છે.

યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(A) ફક્ત 1 અને 2 (B) ફક્ત 1 અને 3 (C) ફક્ત 2 અને 3 (D) 1, 2 અને 3 (D)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## રેમન મેગ્સેસે એવોર્ડ 2022

તાજેતરમાં <u>વર્ષ 2022</u> માટે <u>રેમન મેગ્સેસે એવોર્ડ</u>ની જાહેરાત કરવામાં આવી છે.

- વર્ષ <u>2022</u>ના રેમન મેગ્સેસે એવોર્ડ માટે તાજેતરમાં કુલ <u>4 વ્યક્તિઓની</u> પસંદગી કરવામાં આવી છે.
- જેમાં <u>શ્રી ગેરી બેન્ચેગીબ</u>, <u>શ્રી તાદાશી હાટ્ટોરી</u>, <u>શ્રી સોથિયારા છિમ</u> અને <u>સુશ્રી બર્નાડિટ મેડ્રિડ</u>નો સમાવેશ થાય છે.

### રેમન મેગ્સેસે એવોર્ડ વિજેતા 2022

| ક્રમ | વિજેતા | દેશ |
|---|---|---|
| 1 | શ્રી ગેરી બેન્ચેગીબ | ઈન્ડોનેશિયા |
| 2 | શ્રી તાદાશી હાટ્ટોરી | જાપાન |
| 3 | શ્રી સોથિયારા છિમ | કંબોડિયા |
| 4 | સુશ્રી બર્નાડિટ મેડ્રિડ | ફિલિપાઈન્સ |

### શ્રી ગેરી બેન્ચેગીબ

27 વર્ષીય ફ્રેન્ચ પર્યાવરણ કાર્યકર્તા અને ફિલ્મ નિર્માતા <u>શ્રી ગેરી બેન્ચેગીબ (Gary Bencheghib)</u>ને <u>ઈન્ડોનેશિયાના પ્રદૂષિત જળમાર્ગોને સાફ</u> કરવાના તેમના પ્રયાસો બદલ આ એવોર્ડ આપવામાં આવ્યો છે.



### શ્રી તાદાશી હાટ્ટોરી

જાપાનના <u>શ્રી તાદાશી હાટ્ટોરી (Tadashi Hattori)</u> એક <u>નેત્ર ચિકિત્સક</u> છે.

58 વર્ષીય આ નેત્ર ચિકિત્સકને વિયેતનામમાં મફત શસ્ત્રક્રિયા પૂરી પાડવા બદલ રેમન મેગ્સેસે એવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યા હતા.



### સુશ્રી બર્નાડિટ મેડ્રિડ

<u>સુશ્રી બર્નાડિટ મેડ્રિડ</u>ને <u>ફિલિપાઈન્સમાં</u> દુર્વ્યવહાર પીડિતોને મદદ કરવા અને બાળ સુરક્ષા કેન્દ્ર સ્થાપવા બદલ આ એવોર્ડ મળ્યો છે.

વર્ષ 1997થી તેમણે મનીલામાં ફિલિપાઈન જનરલ હોસ્પિટલમાં દેશના પ્રથમ બાળ સંરક્ષણ કેન્દ્રનું નેતૃત્વ કર્યુ છે.



INSTITUTE FOR COMPETITIVE EXAMS

## શ્રી સોથિયારા છિમ

શ્રી સોથિયારા છિમ (Sotheara chhim) કંબોડિયાના મનોચિકિત્સક છે.

54 વર્ષીય શ્રી સોથિયારા છિમને ખમેર રૂજ શાસન હેઠળ પીડિત લોકોને મદદ કરવા માટે પોતાનું જીવન સમર્પિત કરવા બદલ આ પુરસ્કાર આપવામાં આવ્યો છે. તેઓ તેમના દેશમાં માનસિક સ્વાસ્થ્ય સમસ્યાઓ સંબંધિત સારવાર આપે છે.



## રેમન મેગ્સેસે એવોર્ડ

રેમન મેગ્સેસે એવોર્ડ એશિયાનો સૌથી વધુ પ્રતિષ્ઠિત અને સર્વોચ્ચ એવોર્ડ છે.

- તેને 'એશિયાના નોબેલ પુરસ્કાર' તરીકે પણ ઓળખવામાં આવે છે.
- ફિલિપાઈન્સના સાતમા રાષ્ટ્રપતિ શ્રી રેમન મેગ્સેસેની યાદમાં ફિલિપાઈન્સ સરકાર દ્વારા આ એવોર્ડ એનાયત કરવામાં આવે છે.
- આ એવોર્ડનો પ્રારંભ 1958 થી થયો હતો.
- રેમન મેગ્સેસે એવોર્ડ ફાઉન્ડેશનના ટ્રસ્ટીઓ દ્વારા આ વાર્ષિક પુરસ્કારના વિજેતાઓની પસંદગી કરવામાં આવે છે.




ICE INSTITUTE FOR COMPETITI

**નોંધ:** (1) રેમન મેગ્સેસે એવોર્ડ વિજેતા પ્રથમ ભારતીય શ્રી વિનોબા ભાવે છે.

(2) રેમન મેગ્સેસે એવોર્ડ સૌપ્રથમ 1958માં એનાયત થયો હતો. અને એ વર્ષે કુલ છ વ્યક્તિઓની આ પુરસ્કાર માટે પસંદગી કરવામાં આવી હતી. જેમાં ભારતના શ્રી વિનોબા ભાવેનો પણ સમાવેશ થયો હતો.

(3) શ્રી વિનોબા ભાવેને 1958માં કોમ્યુનિટી લીડરશિપની કેટેગરીમાં આ પુરસ્કાર એનાયત થયો હતો.

(4) શ્રી રેમન મેગ્સેસે વર્ષ 1953માં ફિલિપાઈન્સના રાષ્ટ્રપતિ બન્યા હતા. શ્રી રેમન મેગ્સેસના વહીવટના વર્ષોને ફિલિપાઈન્સના સુવર્ણ વર્ષો તરીકે વર્ણવવામાં આવે છે. તેઓ તેમની ઉદારતા અને કૃષિ સુધારા માટે જાણીતા હતા.

## પીએમ શ્રી યોજના (PM SHRI Yojna)

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ તાજેતરમાં જાહેરાત કરી હતી કે 'પીએમ શ્રી યોજના' (PM SHRI Yojna) હેઠળ સમગ્ર દેશમાં 14,500 શાળાઓને વિકસિત અને અપગ્રેડ કરવામાં આવશે.

- આ યોજનાની જાહેરાત કેન્દ્રીય શિક્ષણ મંત્રી શ્રી ધર્મેન્દ્ર પ્રધાન દ્વારા જૂન 2022માં કરવામાં આવી હતી.

### પીએમ શ્રી યોજના



પીએમ શ્રી યોજના સમગ્ર દેશમાં 14,500થી વધુ શાળાઓના અપગ્રેડેશન અને વિકાસ માટે કેન્દ્રીય પ્રાયોજિત યોજના છે.

- તેનો હેતુ કેન્દ્ર સરકાર અથવા રાજ્ય સરકાર અથવા કેન્દ્રશાસિત પ્રદેશ અથવા સ્થાનિક સંસ્થાઓ દ્વારા સંચાલિત શાળાઓમાંથી પંસદ કરાયેલ હાલની શાળાઓને મજબૂત કરવાનો છે.
- આ શાળાઓ દેશની મોડેલ શાળાઓ બનશે.
- જે રાષ્ટ્રીય શિક્ષણ નીતિ (NEP-2020)ની મૂળ ભાવનાને અનુરૂપ હશે અને શિક્ષણની નવીન પદ્ધતિઓ પર ધ્યાન કેન્દ્રિત કરશે.
- આ શાળાઓ માત્ર ગુણાત્મક શિક્ષણ, શિક્ષણ અને જ્ઞાનાત્મક વિકાસનું લક્ષ્ય રાખશે નહીં, પરંતુ 21મી સદીના મુખ્ય કૌશલ્યોથી સજ્જ સર્વગ્રાહી અને સર્વાંગી વ્યક્તિઓનું પણ નિર્માણ કરશે.
- આ શાળાઓ આધુનિક માળખાકીય સુવિધાઓથી સજ્જ હશે જેમાં લેબ, કલાસરૂમ, પુસ્તકાલયો, રમતગમતના સાધનો, આર્ટ રૂમ વગેરેનો સમાવેશ થાય છે.
- આ શાળાઓને અભ્યાસક્રમમાં જળ સંરક્ષણ, કચરાના રિસાયકલિંગ, ઊર્જા કાર્યક્ષમ ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને ઓર્ગેનિક જીવનશૈલીના એકીકરણ સાથે ગ્રીન સ્કૂલ તરીકે પણ વિકસાવવામાં આવશે.
- દેશના દરેક બ્લોકમાં ઓછામાં ઓછી એક પીએમ શ્રી શાળાની સ્થાપના કરવામાં આવશે.
- જેથી સામાન્ય લોકોના બાળકોને પણ સારા શિક્ષણની તક મળી શકે અને તેમને અભ્યાસ માટે દૂર જવુ ન પડે.
- આ યોજના હેઠળ દેશના દરેક જિલ્લામાં એક માધ્યમિક અને વરિષ્ઠ માધ્યમિક શાળા પણ ઉમેરવામાં આવશે.
- શાળાના તમામ સ્તરે મૂલ્યાંકન વૈચારિક સમજણ અને વાસ્તવિક જીવનની પરિસ્થિતિઓમાં જ્ઞાનના ઉપયોગ પર અને યોગ્યતા પર આધારિત હશે.
- આ શાળાઓની સ્થાપના કેન્દ્રીય વિદ્યાલયની તર્જ પર કરવામાં આવશે. સાથે સાથે જરૂરિયાત મુજબ સરકારી શાળાઓના પરિસર અને માળખાને સુંદર, મજબૂત અને આકર્ષક બનાવવામાં આવશે.
- પીએમ શ્રી શાળાઓનો ખર્ચ કેન્દ્ર સરકાર ઉઠાવશે. જોકે આ યોજનાના અમલીકરણ અને દેખરેખની જવાબદારી રાજ્ય સરકારની હશે.

ICE INSTITUTE FOR COMPETITIVE EX

1. તાજેતરમાં 'રેમન મેગ્સેસે એવોર્ડ વિજેતા 2022'ની જાહેરાત કરવામાં આવી હતી. જેમાં નીચેના પૈકી કોનો સમાવેશ થાય છે ?

1. શ્રી ગેરી બેન્ચેગીબ 2. શ્રી તાદાશી હાટ્ટોરી 3. શ્રી સોથિયારા છિમ 4. સુશ્રી બર્નાડેટ મેડ્રિડ

યોગ્ય વિકલ્પ પસંદર કરો.

(A) ફક્ત 1 અને 4 (B) ફક્ત 2 અને 4 (C) ફક્ત 1 અને 2 (D) 1, 2, 3 અને 4 (D)

2. તાજેતરમાં શ્રી તાદોશી હાટ્ટોરીને વર્ષ 2022નો 'રેમન મેગ્સેસે એવોર્ડ' એનાયત થયો છે. તેઓ કયા દેશના છે ?

(A) જાપાન (B) કંબોડિયા (C) બાંગ્લાદેશ (D) ઓમાન (A)

3. તાજેતરમાં સુશ્રી બર્નાડેટ મેડ્રિડને વર્ષ 2022નો 'રેમન મેગ્સેસે એવોર્ડ' એનાયત થયો છે. તેમના દેશનું નામ જણાવો ?

(A) ફિલિપાઈન્સ (B) શ્રીલંકા (C) જાપાન (D) ચીન (A)

4. તાજેતરમાં વર્ષ 2022 માટેના રેમન મેગ્સેસે એવોર્ડની જાહેરાત કરવામાં આવી હતી. જેમાં ભારતના કેટલા મહાનુભાવોને રેમન મેગ્સેસે એવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યા છે ?

(A) એક (B) બે (C) ત્રણ (D) એકપણ નહીં (D)

5. તાજેતરમાં ચર્ચામાં રહેલ 'પીએમ શ્રી યોજના' (PM SHRI SCHEME) સંદર્ભે નીચેના પૈકી કયા વિધાનો સાચા છે ?

1. પીએમ શ્રી યોજના સમગ્ર દેશમાં 14,500થી વધુ શાળાઓના અપગ્રેડશન અને વિકાસ માટે કેન્દ્રીય પ્રાયોજિત યોજના છે.
2. તે 'રાષ્ટ્રીય શિક્ષણ નીતિ 2020'ની મૂળ ભાવનાને અનુરૂપ હશે અને શિક્ષણની નવીન પદ્ધતિઓ પર ધ્યાન કેન્દ્રિત કરશે.
3. આ શાળાઓ આધુનિક માળખાકીય સુવિધાઓથી સજ્જ હશે જેમાં લેબ, સ્માર્ટ કલાસરૂમ, પુસ્તકાલયો, રમતગમતના સાધનો, આર્ટ રૂમ વગેરેનો સમાવેશ થાય છે.

યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(A) ફક્ત 2 અને 3 (B) ફક્ત 1 અને 2 (C) ફક્ત 1 અને 3 (D) 1, 2 અને 3 (D)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## દિવસ મહિમા : 07 સપ્ટેમ્બર, વાદળી આકાશ માટે આંતરરાષ્ટ્રીય સ્વચ્છ વાયુ દિવસ (International Day of Clean Air for Blue Skies)

7 સપ્ટેમ્બર, 2022ના રોજ સમગ્ર વિશ્વમાં 'વાદળી આકાશ માટે આંતરરાષ્ટ્રીય સ્વચ્છ વાયુ દિવસ'ની ઉજવણી કરવામાં આવી છે.

- સંયુક્ત રાષ્ટ્રની જનરલ એસેમ્બલી દ્વારા 19 ડિસેમ્બર, 2019ના રોજ આ દિવસની ઉજવણીની મંજૂરી આપવામાં આવી હતી.
- આ અંતર્ગત 2020માં આ દિવસની પ્રથમ વખત ઉજવણી કરવામાં આવી હતી.
- આ દિવસની ઉજવણીનો મુખ્ય ઉદ્દેશ વાયુ પ્રદુષણ અને તેના દુષ્પ્રભાવો અંગે જાગૃતિ કેળવવાનો છે.
- વર્ષ 2022ના 'વાદળી આકાશ માટે આંતરરાષ્ટ્રીય સ્વચ્છ વાયુ દિવસ'ની થીમ 'The Air we Share' છે.

## સુશ્રી લિઝ ટ્રસ બ્રિટનના નવા વડાપ્રધાન બન્યા



બ્રિટનની કન્ઝર્વેશન પાર્ટીના નેતા સુશ્રી લિઝ ટ્રસ (Liz Truss) બ્રિટનના નવા વડાપ્રધાન તરીકે ચૂંટાઈ આવ્યા છે.

- તાજેતરમાં કન્ઝર્વેટિવ પાર્ટીના નેતા શ્રી બોરિસ જોન્સને રાજીનામું આપ્યા બાદ બ્રિટનના નવા વડાપ્રધાન પસંદ કરવા માટે કન્ઝર્વેટિવ પાર્ટીમાં મતદાન થયું હતું.
- જેમાં ભારતીય મૂળના શ્રી રિષિ સુનકને હરાવીને સુશ્રી લિઝ ટ્રસ બ્રિટનના નવા વડાપ્રધાન બન્યા છે.
- કુલ મત 1,72,437 હતા જેમાંથી કુલ વોટિંગ 82.6 ટકા થયું હતું.
- આ માટે કન્ઝર્વેટિવ પાર્ટીના આશરે 1.60 લાખ જેટલા કાર્યકરોએ મતદાન કર્યું હતું.
- જેમાંથી સુશ્રી લિઝ ટ્રસને 81,326 મત મળ્યા હતા તથા શ્રી રિષિ સુનકને 60,399 મત મળ્યા હતા.
- સુશ્રી લિઝ ટ્રસના મંત્રી મંડળમાં ભારતીય મૂળના સુશ્રી સુએલા બ્રેવરમેનનો સમાવેશ કરવામાં આવ્યો છે.
- સુશ્રી સુએલા બ્રેવરમેનની Home Secretary (ગૃહમંત્રી) તરીકે વરણી થઈ છે. નોંધનીય છે કે શ્રી બોરિસ જોન્સનની સરકારમાં આ પદ ભારતીય મૂળના સુશ્રી પ્રીતિ પટેલ સંભાળી રહ્યા હતા.
- આ ઉપરાંત સુશ્રી થેરેસ કોફી બ્રિટનના નાયબ વડાપ્રધાન અને આરોગ્ય અને સામાજિક સંભાળ માટેના રાજ્ય સચિવ છે.

નોંધ: (1) સુશ્રી લિઝ ટ્રસ બ્રિટનના ત્રીજા મહિલા વડાપ્રધાન છે. આ અગાઉ સુશ્રી માર્ગરેટ થેચર અને સુશ્રી થેરેસા મે બ્રિટનના મહિલા વડાપ્રધાન રહી ચૂક્યા છે.

(2) ઈંગ્લેન્ડમાં જન્મેલા અને મૂળ પંજાબી એવા શ્રી રિષિ સુનક ઈન્ફોસિસના સ્થાપક શ્રી એન.આર. નારાયણમૂર્તિના જમાઈ છે.

INSTITUTE FOR COMPETITIVE EXAMS

## સુશ્રી લિઝ ટ્રસ

સુશ્રી લિઝ ટ્રસનો જન્મ 26 જુલાઈ, 1975ના રોજ ઈંગ્લેન્ડના ઓક્સફોર્ડમાં થયો હતો.

- સુશ્રી લિઝ ટ્રસનું પૂરું નામ મેરી એલિઝાબેથ ટ્રસ છે.
- તેઓ બ્રિટનના 56મા વડાપ્રધાન છે અને બ્રિટનનું નેતૃત્વ કરનાર ત્રીજા મહિલા વડાપ્રધાન છે.
- જ્યારે તેઓ ચાર વર્ષના હતા ત્યારે તેમનો પરિવાર સ્કોટલેન્ડ ગયો હતો. અહીં તેમણે તેમનો પ્રારંભિક અભ્યાસ કર્યો હતો.
- ત્યારબાદ 1996માં ઓક્સફોર્ડની મર્ટન કોલેજમાં ફિલોસોફી, પોલિટિક્સ અને ઈકોનોમિક્સનો અભ્યાસ કર્યો હતો.
- મર્ટન કોલેજમા અભ્યાસ કરતી વખતે તેઓ લિબરલ ડેમોક્રેટ્સ પાર્ટીના સંપર્કમાં આવ્યા હતા. આ સમયે તેઓ ઓક્સફર્ડ યુનિવર્સિટી લિબરલ ડેમોક્રેટ્સના અધ્યક્ષ પણ રહી ચૂક્યા છે.
- આ ઉપરાંત તેઓ લિબરલ ડેમોક્રેટ્સ યુથ એન્ડ સ્ટુડન્ટ્સની નેશનલ એક્ઝિક્યુટિવના સભ્ય પણ હતા.
- વિદ્યાર્થી નેતા તરીકે સુશ્રી લિઝ ટ્રસે લેબર પાર્ટી માટે વ્યાપક પ્રચાર પણ કર્યો હતો.
- ત્યારબાદ ગ્રેજ્યુએશન પછી એટલે કે 1996માં તેમણે ડેમોક્રેટ્સ પાર્ટી છોડી દીધી હતી અને કન્ઝર્વેટિવ પાર્ટીમાં જોડાયા હતા. ત્યારથી તેઓ આ પાર્ટીમાં છે.

## ભારત અને બાંગ્લાદેશ વચ્ચે કરાર

તાજેતરમાં ચાર દિવસના પ્રવાસે આવેલા બાંગ્લાદેશના વડાપ્રધાન શ્રીમતી શેખ હસિના અને ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી વચ્ચે દ્વિપક્ષીય મંત્રાણા યોજાઈ હતી.

- ભારત અને બાંગ્લાદેશે નદીના પાણીની વહેંચણીથી લઈને અવકાશ સુધીના ક્ષેત્રોમાં સહકાર માટે સાત કરારો પર હસ્તાક્ષર કર્યા છે અને નવી કનેક્ટિવિટી અને ઉર્જા પહેલનું અનાવરણ કર્યુ છે.
- બંને પક્ષો વચ્ચે સાત MoU પર હસ્તાક્ષર થયા હતા. જે નીચે મુજબ છે :

(1) કુશિયારા નદી જળ વહેંચણી માટે MoU

(2) બાંગ્લાદેશના રેલવે કર્મચારીઓને ભારતમાં તાલીમ આપવી

(3) બાંગ્લાદેશ રેલવેમાં આઈટી સિસ્ટમ, આઈટી એપ્લિકેશન માટે સહયોગ

(4) બાંગ્લાદેશના કોર્ટના અધિકારીઓને તાલીમ

(5) સાયન્ટિફિક અને ટેકનોલોજિકલ સહયોગ

(6) સ્પેસ ટેકનોલોજીમાં સહયોગ

(7) પ્રસાર ભારતી અને બાંગ્લાદેશ ટીવી વચ્ચે બ્રોડકાસ્ટિંગ સહયોગ



## થર્મલ પાવર પ્રોજેક્ટ

બંને દેશોએ બાંગ્લાદેશના ખુલના ડિવિઝનમાં ભારત તરફથી રાહતદરે ભંડોળ સાથે બાંધવામાં આવી રહેલા મૈત્રી સુપર થર્મલ પાવર પ્રોજેક્ટના પ્રથમ યુનિટનું અનાવરણ કર્યું હતું.

- યુનિટ ઓગસ્ટ 2022માં બાંગ્લાદેશના પાવર ગ્રીડ સાથે સમન્વયિત કરવામાં આવ્યું હતું જ્યારે પ્રોજેક્ટ પૂર્ણ થશે ત્યારે 1,320 મેગાવોટ વીજળી ઉત્પન્ન કરશે.
- આ થર્મલ પાવર પ્રોજેક્ટ બાંગ્લાદેશના ખુલના વિભાગના બાગેરહાટ જિલ્લામાં રામપાલ ખાતે આવેલુ છે.
- આ પ્રોજેક્ટ ભારતની રાહત ધિરાણ યોજના હેઠળ વિકસાવવામાં આવી રહ્યો છે.
- તે બાંગ્લાદેશ–ભારત ફ્રેન્ડશિપ પાવર કંપની પ્રાઈવેટ લિમિટેડ (BIFPCL) માટે ભારત હેવી ઈલેક્ટ્રિક્સ લિમિટેડ (BHEL) દ્વારા બનાવવામાં આવી રહ્યું છે.

## રુશ્પા રેલ બ્રિજ

5.13 કિલોમીટર રુશ્પા રેલ બ્રિજનું પણ ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું, જે 64.7 કિલોમીટર ખુલ્ના–મોંગ્લા પોર્ટ બ્રોડગેજ રેલવે પ્રોજેક્ટનો એક મહત્વપૂર્ણ ભાગ છે.

- આ પુલનું નિર્માણ 389 મિલિયન ડોલરની ભારતીય લોન (લાઈન ઓફ ક્રેડિટ) સાથે કરવામાં આવ્યું છે.
- તે બાંગ્લાદેશના બીજા સૌથી મોટા બંદર મોંગલા સાથે જોડશે.

## સંરક્ષણ ખરીદી

વર્ષ 2018માં ભારતે બાંગ્લાદેશને 500 મિલિયન યુએસ ડોલરની સંરક્ષણ લોન પ્રદાન કરી છે.

- મે 2018માં કોલકાતા સ્થિત ડિફેન્સ પબ્લિક સેક્ટર અંડરટેકિંગ યુદ્ધ જહાજોની ડિઝાઈન અને નિર્માણમાં સહાય અને જાણકારી પૂરી પાડવા માટે બાંગ્લાદેશ સાથે કરાર પર હસ્તાક્ષર કર્યા હતા.

1. 'વાદળી આકાશ માટે આંતરરાષ્ટ્રીય સ્વચ્છ વાયુ દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 6 સપ્ટેમ્બર (B) 7 સપ્ટેમ્બર (C) 8 સપ્ટેમ્બર (D) 9 સપ્ટેમ્બર **(B)**

2. બ્રિટનના નવા વડાપ્રધાન તરીકે તાજેતરમાં કોની નિમણૂક કરવામાં આવી છે ?

(A) સુશ્રી કેમી બેડનોચ (B) સુશ્રી ક્લો સ્મિથ
(C) સુશ્રી મિશેલ ડોનેલન (D) સુશ્રી લિઝ ટ્રસ **(D)**

3. સુશ્રી લિઝ ટ્રસ (Liz Truss) તાજેતરમાં બ્રિટનના વડાપ્રધાન બન્યા છે.... તેમના પક્ષનું નામ શું છે ?

(A) કન્ઝર્વેટિવ પાર્ટી (B) ડેમોક્રેટિક લેબર પાર્ટી
(C) ઈંગ્લિશ નેશનલ પાર્ટી (D) ઈંગ્લિશ લિબરલ ડેમોક્રેટ્સ **(A)**

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

4. તાજેતરમાં ઈંગ્લેન્ડમાં યોજાયેલી કન્ઝર્વેટિવ પાર્ટીની આંતરિક ચૂંટણીમાં કોને પરાજય આપીને સુશ્રી લિઝ ટ્રસ બ્રિટનના નવા વડાપ્રધાન તરીકે ચૂંટાઈ આવ્યા છે ?

(A) શ્રીમતી થેરેસા મે (B) શ્રી ટોની બ્લેયર
(C) શ્રી રિષિ સનક (D) શ્રી ડેવિડ કેમરોન **(C)**

5. સુશ્રી લિઝ ટ્રસ કોની જગ્યાએ બ્રિટનના નવા વડાપ્રધાન બન્યા છે ?


(A) શ્રીમતી થેરસા મે (B) શ્રી ડેવિડ કેમરોન
(C) શ્રી બોરિસ જોન્સન (D) શ્રી ટોની બ્લેમર **(C)**

6. તાજેતરમાં બાંગ્લાદેશના વડાપ્રધાન ભારતના પ્રવાસે આવ્યા હતા. આ દરમિયાન ભારત અને બાંગ્લાદેશ વચ્ચે કેટલા MoU પર હસ્તાક્ષર થયા હતા ?

(A) બે (B) સાત (C) નવ (D) બાર **(B)**

## દિવસ મહિમા : 08 સપ્ટેમ્બર, (1) વિશ્વ સાક્ષરતા દિવસ (International Literacy Day)
## (2) વિશ્વ ભૌતિક ચિકિત્સા દિવસ (World Physical Therapy Day)

### વિશ્વ સાક્ષરતા દિવસ




સમગ્ર વિશ્વમાં સાક્ષરતાના મહત્વ અંગે જાગૃતિ લાવવા માટે દર વર્ષે 8 સપ્ટેમ્બરના રોજ 'વિશ્વ સાક્ષરતા દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.

- યુનેસ્કો (UNESCO) દ્વારા 17 નવેમ્બર, 1966ના રોજ આ દિવસની ઉજવણીની જાહેરાત કરવામાં આવી હતી.
- આ અંતર્ગત વર્ષ 1967થી આ દિવસની ઉજવણીનો પ્રારંભ થયો છે.
- વર્ષ 2022ની 'વિશ્વ સાક્ષરતા દિવસ'ની થીમ 'Transforming Literacy Learning Spaces' છે.

નોંધ : (1) UNESCOનું પૂરું નામ 'United Nations Educational Scientific and Cultural Organization' છે.
(2) તેનું વડું મથક ફ્રાન્સના પેરિસ ખાતે આવેલું છે.

## શ્રી ભૂપેન હજારિકા (Bhupen Hazarika)

તાજેતરમાં ગૂગલે સુપ્રસિદ્ધ ગાયક શ્રી ભૂપેન હજારિકાના 96મા જન્મ દિવસ પર તેમના સન્માનમાં ડૂડલ બનાવ્યું હતું.

### શ્રી ભૂપેન હજારિકા



શ્રી ભૂપેન હજારિકા ભારતીય પ્લેબેક સિંગર, ગીતકાર, સંગીતકાર, ગાયક, કવિ અને આસામના ફિલ્મ નિર્માતા હતા.

- તેમનો જન્મ 8 સપ્ટેમ્બર, 1926ના રોજ આસામના સાદિયામાં થયો હતો.
- 5 નવેમ્બર, 2011ના રોજ મહારાષ્ટ્રના મુંબઈ ખાતે 85 વર્ષની વયે તેમનું નિધન થયું હતું.
- તેમને 'Sudhakantha' (સુધાકંઠા) તરીકે પણ ઓળખવામાં આવે છે.
- મુખ્યત્વે આસામી ભાષામાં લખાયેલા અને ગાયેલા શ્રી ભૂપેન હજારિકાના ગીતોમાં માનવતા અને ભાઈચારાની ભાવના જોવા મળે છે.

- શ્રી ભૂપેન હજારિકાને વર્ષ 1977માં પદ્મ શ્રી, 2001માં પદ્મ ભૂષણ અને 2012માં પદ્મ વિભૂષણ પુરસ્કાર એનાયત થયા હતા.
- આ ઉપરાંત તેમને વર્ષ 1992માં દાદા સાહેબ ફાળકે પુરસ્કાર તથા 2008માં સંગીત નાટક અકાદમી ફેલોશિપથી સન્માનિત કરવામાં આવ્યા હતા.
- વર્ષ 2019માં તેમને 'ભારત રત્ન' પુરસ્કાર એનાયત થયો હતો.

## WEST : ન્યૂ I-STEM પહેલ

તાજેતરમાં 'વિમેન ઈન એન્જિનિયરિંગ, સાયન્સ એન્ડ ટેક્નોલોજી' (WEST) નામની એક નવી પહેલ 'ઈન્ડિયન સાયન્સ ટેક્નોલોજી અને એન્જિનિયરિંગ ફેસેલિટીઝ બ્લુપ્રિન્ટ' (I-STEM) શરૂ કરવામાં આવી હતી.

### WEST પહેલ

WEST પહેલ વિજ્ઞાન, ટેક્નોલોજી, એન્જિનિયરિંગ અને ગણિત (STEM) બેકગ્રાઉન્ડ ધરાવતી મહિલાઓ માટે છે અને તેમને વિજ્ઞાન, ટેક્નોલોજી અને ઈનોવેશન ઈકોસિસ્ટમમાં યોગદાન આપવા માટે સશક્ત કરશે.

- WEST પહેલ દ્વારા I-STEM વૈજ્ઞાનિક રીતે વલણ ધરાવતી મહિલા સંશોધકો, વૈજ્ઞાનિકો તથા વિજ્ઞાન અને એન્જિનિયરિંગના ક્ષેત્રોમાં મૂળભૂત અથવા પ્રાયોજિત વિજ્ઞાનમાં સંશોધન કરવા માટે ટેક્નોલોજી માટે એક અલગ પ્લેટફોર્મ પ્રદાન કરે છે.
- મહિલાઓ આ WEST પ્રોગ્રામમાં જોડાઈ શકે છે અને વિવિધ ક્ષેત્રોમાં હિસ્સેદાર બનવાની તકો શોધી શકે છે.
- તેઓ વિવિધ સ્તરે સંશોધન અને ટેક્નોલોજીમાં કારકિર્દી બનાવી શકે છે, જેમ કે ટેકનિશિયન, ટેનોલોજિસ્ટ, વૈજ્ઞાનિકો અને સાહસિકો
- આ તકો વૈજ્ઞાનિક સાધનોના સંચાલન અને જાળવણીથી લઈને તેમની ડિઝાઈન અને બાંધકામ સુધીની છે.
- કૌશલ્ય વિકાસ કાર્યક્રમ WESTના હેઠળ વિજ્ઞાન અને તકનીકી પૃષ્ઠભૂમિ ધરાવતી મહિલાઓને તેમની ક્ષમતાઓ પર કામ કરવા અને પ્રયોગશાળા ટેકનિશિયન અને જાળવણી ઈજનેર તરીકે 'ક્ષેત્ર'માં જોડાવા માટે તાલીમ આપવામાં આવશે.
- i-STEM પોર્ટલ દ્વારા ઉપલબ્ધ સંશોધન અને વિકાસ સુવિધાઓ તથા સોફટવેર પ્લેટફોર્મ (Comsol, Matlab, LabVIEW, Auto CAD)ની એક્સેસ વિજ્ઞાન અને ટેક્નોલોજીમાં મહિલા સાહસિકો માટે મજબૂત સપોર્ટ નેટવર્ક બનાવશે.


ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

- આ ઉપરાંત ઓનલાઈન ચર્ચાઓ અને તાત્કાલિક સમર્થન માટે I-STEMના <u>WhatsApp</u> અને <u>Telegram</u> પ્લેટફોર્મ દ્વારા ડિજિટલ જૂથ <u>'કનેક્ટ ક્વિકલી'</u> પણ સ્થાપિત કરવામાં આવ્યું છે.
- મહિલાઓની સમર્પિત ટીમ WEST પહેલના સફળ અમલીકરણની ખાતરી કરશે.

## I-STEM વિશે

I-STEM <u>સંશોધન અને વિકાસ (R&D)</u> સુવિધાઓ વહેંચવા માટેનું <u>રાષ્ટ્રીય વેબ પોર્ટલ</u> છે.

- આ પોર્ટલ સંશોધકોને સાધન સામગ્રીના ઉપયોગ માટેના સ્લોટને એક્સેસ કરવા તેમજ પેટન્ટ, પ્રકાશનો અને તકનીકો જેવા પરિણામોની વિગતો શેર કરવાની સુવિધા આપે છે.
- આ પોર્ટલ <u>જાન્યુઆરી 2020</u>માં લોન્ચ કરવામાં આવ્યું હતું.
- તે વડાપ્રધાનની <u>વિજ્ઞાન, ટેક્નોલોજી અને નવીનતા સલાહકાર પરિષદ (PM-STIAC)</u>ના નેજા હેઠળ ભારત સરકારના મુખ્ય વૈજ્ઞાનિક સલાહકારના કાર્યાલયની પહેલ છે.
- PM-STIAC એ એક વ્યાપક કાઉન્સિલ છે જે મુખ્ય વૈજ્ઞાનિક સલાહકારના કાર્યાલયને ચોક્કસ વિજ્ઞાન અને ટેક્નોલોજી ક્ષેત્રની પરિસ્થિતિનું મૂલ્યાંકન કરવા, ભવિષ્ય માટે રોડમેપ વિકસાવવા, પડકારોને સમજવા વગેરે માટે વડાપ્રધાનને સલાહ આપવા માટે સુવિધા છે.



1. 'વિશ્વ સાક્ષરતા દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 6 સપ્ટેમ્બર (B) 7 સપ્ટેમ્બર (C) 8 સપ્ટેમ્બર (D) 9 સપ્ટેમ્બર (C)

2. 'વિશ્વ ભૌતિક ચિકિત્સા દિવસ' અથવા તો 'World Physical Therapy Day'તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 6 સપ્ટેમ્બર (B) 7 સપ્ટેમ્બર (C) 8 સપ્ટેમ્બર (D) 9 સપ્ટેમ્બર (C)

3. તાજેતરમાં ગુગલે સુપ્રસિદ્ધ ગાયક શ્રી ભૂપેન હજારિકાના 96માં જન્મ દિવસ પર તેમના સન્માનમાં ડૂડલ બનાવ્યું હતું. તેમના સંદર્ભે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?

1. તેમનો જન્મ 8 સપ્ટેમ્બર, 1926ના રોજ આસામના સાદિયામાં થયો હતો.
2. આસામી ભાષામાં લાખાયેલા અને ગાયેલા તેમના ગીતોમાં માનવતા અને ભાઈચારાની ભાવના જોવા મળે છે.
3. વર્ષ 2019માં તેમને 'ભારત રત્ન' પુરસ્કાર એનાયત થયો હતો.

યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(A) ફક્ત 1 અને 3 (B) ફક્ત 2 અને 3 (C) ફક્ત 1 અને 2 (D) 1, 2 અને 3 (D)

4. શ્રી ભૂપેન હજારિકા અન્ય કયા નામે ઓળખાય છે ?

(A) મુરલી મનોહર (B) સુધાકંઠા (C) ભારતનું મોતી (D) પૂર્વોત્તરનું મોતી (B)

5. તાજેતરમાં 'વિમેન ઈન એન્જિનિયરિંગ, સાયન્સ એન્ડ ટેકનોલોજી' (WEST) નામની એક નવી પહેલ 'ઈન્ડિયન સાયન્સ ટેક્નોલોજી અને એન્જિનિયરિંગ ફેસેલિટિઝ બ્લૂપ્રિન્ટ' (I-STEM) શરૂ કરવામાં આવી હતી. તેના સંદર્ભે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?

1. WEST પહેલ વિજ્ઞાન, ટેક્નોલોજી, એન્જિનિયરિંગ અને ગણિત (STEM) બેકગ્રાઉન્ડ ધરાવતી મહિલાઓ માટે છે અને તેમને વિજ્ઞાન, ટેક્નોલોજી અને ઈનોવેશન ઈકોસિસ્ટમમાં યોગદાન આપવા માટે સશક્ત કરશે.
2. WEST પહેલ દ્વારા I-STEM વૈજ્ઞાનિક રીતે વલણ ધરાવતી મહિલા સંશોધકો, વૈજ્ઞાનિકો તથા વિજ્ઞાન અને એન્જિનિયરિંગ ક્ષેત્રોમાં મૂળભૂત અથવા પ્રયોજિત વિજ્ઞાનમાં સંશોધન કરવા માટે એક અલગ પ્લેટફોર્મ પ્રદાન કરે છે.

(A) વિધાન 1 સાચુ છે પરંતુ વિધાન 2 ખોટું છે. (B) વિધાન 1 ખોટું છે પરંતુ વિધાન 2 સાચું છે.
(C) વિધાન 1 અને 2 બંને સાચા છે. (D) વિધાન 1 અને 2 બંને ખોટા છે. (C)

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

## દિવસ મહિમા : 09 સપ્ટેમ્બર, (1) હુમલાથી શિક્ષણના રક્ષણ માટેનો દિવસ (International Day to Protect Education from Attak)
## (2) હિમાલય દિવસ (Himalaya Day)

## વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ 'કર્તવ્ય પથ'નું ઉદ્‌ઘાટન કર્યુ

તાજેતરમાં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ દિલ્હીમાં રાષ્ટ્રપતિ ભવનથી ઈન્ડિયા ગેટ વચ્ચેના રોડ 'કર્તવ્ય પથ' (Kartavy Path)નું ઉદ્‌ઘાટન કર્યુ હતું.

- આ ઉપરાંત ઈન્ડિયા ગેટ ખાતે નેતાજી સુભાષ ચંદ્ર બોઝની પ્રતિમાનું અનાવરણ કર્યુ હતું.

### કર્તવ્ય પથ



ઈન્ડિયા ગેટથી રાષ્ટ્રપતિ ભવન તરફ જતા રસ્તાને પહેલા રાજપથ કહેવામાં આવતું હતું.

- પરંતુ હવે તેનું નામ બદલીને 'કર્તવ્ય પથ' કરવામાં આવ્યું છે.
- રાજપથના નામમાં ફેરફારની સાથે જ સ્થળની શૈલી અને રંગ પણ સંપૂર્ણપણે બદલાઈ ગયો છે.
- કર્તવ્ય પથ એ અગાઉના રાજપથથી સત્તાનું પ્રતિક હોવાથી કર્તવ્ય પથ જાહેર માલિકી અને અધિકારક્ષેત્રનું ઉદાહરણ છે.
- ગ્રાન્ડ કેનોપીની નીચે નેતાજી સુભાષ ચંદ્ર બોઝની પ્રતિમાથી લઈને રાષ્ટ્રપતિ ભવન સુધીનો સમગ્ર વિસ્તાર 'કર્તવ્ય પથ' તરીકે ઓળખાશે.
- કર્તવ્ય પથમાં અગાઉના 'રાજપથ અને સેન્ટ્રલ વિસ્ટા લોન'નો સમાવેશ થાય છે.
- કર્તવ્ય પથમાં લેન્ડસ્કેપ, વોક્વે સાથે લોન, વધારાની ગ્રીન સ્પેસ, નવીનકૃત નાની નહેરો, સુવિધા બ્લોક્સ, સુધારેલ સંકેતો અને વેન્ડિંગ કિઓસ્ક હશે.
- તેમાં ઘન કચરાનું વ્યવસ્થાપન, જળ વ્યવસ્થાપન, વપરાપેલ પાણીનું રિસાયકલિંગ, વરસાદી પાણીનો સંગ્રહ, જળ સંરક્ષણ અને ઉર્જા કાર્યક્ષમ લાઈટિંગ જેવી ઘણી વિશેષતાનો પણ સમાવેશ થાય છે.
- અગાઉના રાજપથની બંને બાજુએ નવીનીકરણ કરાયેલ અને વિસ્તૃત લોન મોટા સેન્ટ્રલ વિસ્ટા પ્રોજેક્ટનો ભાગ છે.

INSTITUTE FOR COMPETITIVE

## રાજપથના કાયાકલ્પની જરૂરિયાત

વર્ષોથી રાજપથ અને સેન્ટ્રલ વિસ્ટા એવન્યુની આસપાસના વિસ્તારોમાં મુલાકાતીઓના ટ્રાફિકનું દબાણ વધ્યુ હતું.

- જેના કારણે તેના ઈન્ફ્રાસ્ટ્રક્ચર પર દબાણ આવ્યું હતું.
- તેમાં જાહેર શૌચાલય, પીવાનું પાણી, સ્ટ્રીટ ફર્નિચર અને પાર્કિંગની પૂરતી જગ્યા જેવી પ્રાથમિક સુવિધાઓનો અભાવ હતો.
- તેમજ અપૂરતા સાઈનબોર્ડ, પાણીની સુવિધાની નબળી જાળવણી અને આડેધડ પાર્કિંગ હતા.
- તેમજ પ્રજાસત્તાક દિવસની પરેડ અને અન્ય રાષ્ટ્રીય કાર્યક્રમોને ઓછા વિક્ષેપજનક રીતે, જાહેર હિલચાલ પર લઘુત્તમ પ્રતિબંધો સાથે આયોજન કરવાની જરૂરિયાત અનુભવાઈ હતી.
- આર્કિટેક્ચરની અખંડિતતા અને સાતત્ય સુનિશ્ચિત કરતી વખતે આ ચિંતાઓને ધ્યાનમાં રાખીને પુનઃવિકાસ કરવામાં આવ્યો છે.

## રાજપથનો સંક્ષિપ્ત ઈતિહાસ

બ્રિટિશ શાસન દરમિયાન તેને કિંગ્સવે કહેવામાં આવતું હતું.

- એડવર્ડ લ્યુટિયન્સ અને નવી દિલ્હીના આર્કિટેક્ટ હર્બટ બેકરે સો વર્ષ કરતા વધુ પહેલાં ઔપચારિક માર્ગ તરીકે ડિઝાઈન કર્યુ હતું.
- વર્ષ **1911**માં રાજધાની કલકત્તાથી નવી દિલ્હી ખસેડવામાં આવી હતી. અને તે પછી ઘણા વર્ષો સુધી નિર્માણ કાર્ય ચાલુ રહ્યુ હતું.
- લ્યુટિયન્સે વર્ષ **1911 દરમિયાન** દિલ્હીની મુલાકાત લેનાર તત્કાલીન ભારતના સમ્રાટ જ્યોર્જ પંચમના માનમાં કિંગ્સવે નામના 'ઔપચારિક ધરી'ની આસપાસ કેન્દ્રિત આધુનિક શાહી શહેરની કલ્પના રજૂ કરી હતી. જ્યાં તેમણે ઔપચારિક રીતે રાજધાની ખસેડવાનો નિર્ણય લીધો હતો.
- તેનું નામ લંડનમાં કિંગ્સવે રોડ પરથી રાખવામાં આવ્યું હતું. જે **1905**માં બનેલ મુખ્ય માર્ગ હતો. આ નામ જ્યોર્જ પંચમના પિતા કિંગ એડવર્ડ **VII**ના માનમાં રાખવામાં આવ્યુ હતું.
- વર્ષ **1947**માં આઝાદી પછી આ માર્ગને હિન્દી નામ 'રાજપથ' આપવામાં આવ્યુ હતું. જેના પર ગણતંત્ર દિવસની પરેડ યોજાય છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

## નેતાજી સુભાષ ચંદ્ર બોઝની પ્રતિમા




નેતાજી સુભાષ ચંદ્ર બોઝની પ્રતિમા તે જ જગ્યાએ સ્થાપિત કરવામાં આવશે જ્યાં પરાક્રમ દિવસ (23 જાન્યુઆરી, 2022)પર હોલોગ્રામની પ્રતિમાનું અનાવરણ કરવામાં આવ્યું હતું.

- જ્યાં સુધી ગ્રેનાઈટ પ્રતિમાનું નિર્માણ ન થાય ત્યાં સુધી આ હોલોગ્રામની પ્રતિમા પ્રદર્શિત કરવામાં આવી હતી.
- આ ગ્રેનાઈટ પ્રતિમા નેતાજીના સ્વાતંત્ર્ય સંગ્રામમાં અપાર યોગદાનને યોગ્ય શ્રદ્ધાંજલી છે અને તે દેશની તેમના પ્રત્યેના ઋણનું પ્રતિક હશે.
- મુખ્ય શિલ્પકાર એવા શ્રી અરુણ યોગીરાજ દ્વારા બનાવવામાં આવેલ 28 ફૂટ ઊંચી પ્રતિમા મોનોલિથિક ગ્રેનાઈટ પથ્થરમાંથી કોતરેલી છે.
- આ ગ્રેનાઈટની પ્રતિમાનું વજન 65 મેટ્રિક ટન છે.
- આ પ્રતિમા ઈન્ડિયા ગેટ પાસે સ્થાપિત કરવામાં આવી છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

## Human Development Report 2021-22

સંયુક્ત રાષ્ટ્રના UNDP એટલે કે United Nations Development Programe દ્વારા તાજેતરમાં 'Human Development Index 2021-22' (માનવ વિકાસ સૂચકાંક–HDI) નામનો એક રિપોર્ટ પ્રસિદ્ધ કરવામાં આવ્યો છે.



- આ માનવ વિકાસ સૂચકાંકમાં વિશ્વના 191 દેશોમાં ભારત 132મા ક્રમે છે.
- આ અગાઉ વર્ષ 2020ના રિપોર્ટમાં ભારત 189 દેશોમાં 131મા ક્રમે હતો.
- વર્ષ 2021-22ના આ રિપોર્ટમાં સ્વિત્ઝર્લેન્ડ પ્રથમ ક્રમે છે.
- સ્વિત્ઝર્લેન્ડ બાદ નોર્વે બીજા અને આઈસલેન્ડ ત્રીજા ક્રમે છે.
- જ્યારે દક્ષિણ સુદાન અંતિમ 191માં ક્રમે છે.

## Human Development Index 2021-22 Ranking

| Rank | Country | HDI Value-2021 |
|---|---|---|
| 1 | સ્વિત્ઝર્લેન્ડ | 0.962 |
| 2 | નોર્વે | 0.961 |
| 3 | આઈસલેન્ડ | 0.959 |
| 4 | હોંગકોંગ, ચીન (SAR) | 0.952 |
| 5 | ઓસ્ટ્રેલિયા | 0.951 |
| 18 | યુ.કે | 0.929 |
| 19 | જાપાન | 0.925 |
| 21 | યુનાઈટેડ સ્ટેટ્સ | 0.921 |
| 73 | શ્રીલંકા | 0.782 |
| 79 | ચીન | 0.768 |
| 127 | ભૂટાન | 0.666 |
| 129 | બાંગ્લાદેશ | 0.661 |
| 132 | ભારત | 0.633 |
| 143 | નેપાળ | 0.602 |
| 161 | પાકિસ્તાન | 0.544 |
| 180 | અફઘાનિસ્તાન | 0.478 |
| 191 | દક્ષિણ સુદાન | 0.385 |

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

- આ રિપોર્ટમાં ભારતની **Human Development Index (HDI) Value 0.633** છે.
- જે વિશ્વની સરેરાશ **0.732** કરતા ઓછુ હતું.
- માનવ વિકાસ રિપોર્ટ 2021-22ની થીમ **'Uncertain Times, Unsettled lives : Shaping our Future in a world in Transformation'** છે.

**નોંધ:** (1) જન્મ સમયે અપેક્ષિત આયુષ્ય, શાળાના અપેક્ષિત વર્ષો, શાળાના સરેરાશ વર્ષો, કુલ રાષ્ટ્રીય આવક વગેરે જેવા માપદંડોના આધારે આ રિપોર્ટ તૈયાર કરવામાં આવે છે.

(2) **UNDP** દ્વારા **1990** થી દર વર્ષે આ રિપોર્ટ પ્રસિદ્ધ કરવામાં આવે છે.

1. યુનાઈટેડ નેશન્સ દ્વારા 'હુમલાથી શિક્ષણના રક્ષણ માટેના આંતરરાષ્ટ્રીય દિવસ' તરીકે કયો દિવસ ઉજવાય છે ?

(A) 7 સપ્ટેમ્બર (B) 8 સપ્ટેમ્બર (C) 9 સપ્ટેમ્બર (D) 10 સપ્ટેમ્બર (C)

2. ભારતમાં કયા દિવસે 'હિમાલય દિવસ' ઉજવવામાં આવે છે ?

(A) 7 સપ્ટેમ્બર (B) 8 સપ્ટેમ્બર (C) 9 સપ્ટેમ્બર (D) 10 સપ્ટેમ્બર (C)

3. તાજેતરમાં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ દિલ્હીમાં રાષ્ટ્રપતિ ભવનથી ઈન્ડિયા ગેટ વચ્ચેના રોડ 'કર્તવ્ય પથ'નું ઉદ્ઘાટન કર્યુ હતું. તેના સંદર્ભે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?

(A) ગ્રાન્ડ કેનોપીની નીચે નેતાજી સુભાષ ચંદ્ર બોઝની પ્રતિમાથી લઈને રાષ્ટ્રપતિ ભવન સુધીનો સમગ્ર વિસ્તાર 'કર્તવ્ય પથ' તરીકે ઓળખાશે.

(B) કર્તવ્ય પથમાં અગાઉના 'રાજપથ અને સેન્ટ્રલ વિસ્ટા લૉન'નો સમાવેશ થાય છે.

(C) (A) અને (B) બંને સાચા

(D) (A) અને (B) બંને ખોટા (C)

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS

4. તાજેતરમાં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ નવી દિલ્હીમાં ઈન્ડિયા ગેટની બાજુમાં નેતાજી સુભાષ ચંદ્ર બોઝની પ્રતિમાનું અનાવરણ કર્યુ છે. તેના સંદર્ભે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?

1. આ પ્રતિમા મોનોલિથિક ગ્રેનાઈટ પથ્થરમાંથી કોતરેલી છે.

2. તેના મુખ્ય શિલ્પકાર શ્રી અરુણ યોગીરાજ છે.

3. આ પ્રતિમા 28 ફૂટ ઊંચી છે અને તેનું વજન 65 મેટ્રિક ટન છે.

યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(A) ફક્ત 1 અને 3 (B) ફક્ત 1 (C) ફક્ત 1 અને 2 (D) 1, 2 અને 3 (D)

JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

5. તાજેતરમાં ચર્ચામાં રહેલ 'કર્તવ્ય પથ' પહેલા રાજપથ તરીકે ઓળખાતો હતો. આ રાજપથને બ્રિટિશ શાસન દરમિયાન કયા નામથી ઓળખવામાં આવતું હતું ?

(A) કિંગ્સવે (B) લંડનવે (C) ઈન્ડિયાવે (D) ભારતવે — (A)

6. Human Development Index (અથવા માનવ વિકાસ સૂચકાંક) 2021-22માં ભારત કયા ક્રમે છે ?


(A) 121મા (B) 123મા (C) 132મા (D) 141મા — (C)

7. હ્યુમન ડેવલપમેન્ટ ઈન્ડેક્સ 2021-22માં પ્રથમ ક્રમે કયો દેશ છે ?

(A) નોર્વે (B) સ્વિત્ઝર્લેન્ડ (C) આયર્લેન્ડ (D) આઈસલેન્ડ — (B)

8. હ્યુમન ડેવલપમેન્ટ ઈન્ડેક્સ કોના દ્વારા પ્રસિદ્ધ થાય છે ?

(A) WHO (B) UNESCO (C) UNDP (D) World Bank — (C)



## દિવસ મહિમા : 10 સપ્ટેમ્બર, (1) વિશ્વ આત્મહત્યા નિવારણ દિવસ (World Suicide Prevention Day)
## (2) વિશ્વ EV દિવસ

### વિશ્વ આત્મહત્યા નિવારણ દિવસ

સમગ્ર વિશ્વમાં આત્મહત્યાની પ્રવૃત્તિ રોકવા માટે તથા એ અંગે લોકોમાં જાગૃતિ ફેલાવવા માટે દર વર્ષે 10 સપ્ટેમ્બરના રોજ 'વિશ્વ આત્મહત્યા નિવારણ દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.

- આ અંગે વર્ષ 2003થી વિવિધ પ્રવૃત્તિઓનો પ્રારંભ થયો છે.
- 10 સપ્ટેમ્બર, 2003ના રોજ વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન (WHO)ના સહયોગથી 'ઈન્ટરનેશનલ એસોસિએશન ફોર સ્યુસાઈડ પ્રિવેન્શન' (IASP) દ્વારા પહેલ તરીકે ચિહ્નિત કરવામાં આવી હતી.
- સફળ પ્રથમ વર્ષ પછી WHO ઔપચારિક રીતે 2004માં ફરીથી ઈવેન્ટને સહ–સ્પોન્સર કરવા માટે સંમત થયું અને તેને વાર્ષિક માન્યતા દિવસ બનાવ્યો.
- IASP આ દિવસને ચિહ્નત કરવા માટે 60 દેશોમાં અનેક કાર્યક્રમોનું આયોજન કરે છે.
- વર્ષ 2022ના 'વિશ્વ આત્મહત્યા નિવારણ દિવસ'ની થીમ 'Creating hope through action' છે.

નોંધ: ઈન્ટરનેશનલ એસોસિએશન ફોર સ્યુસાઈટ પ્રિવેન્શન (IASP) એ એક આંતરરાષ્ટ્રીય આત્મહત્યા નિવારણ સંસ્થા છે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

### વિશ્વ EV દિવસ

ઈ–મોબિલિટીની ઉજવણી નિમિત્તે દર વર્ષે 9 સપ્ટેમ્બરના રોજ 'વિશ્વ EV દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે.

- આ પ્રસંગે લોકોને ઈલેક્ટ્રિક વાહનોના ફાયદાઓ વિશે શિક્ષિત કરવા માટે વિશ્વભરમાં વિશેષ જાગૃતિ અભિયાનનું આયોજન કરવામાં આવે છે.
- તે એક સોશિયલ મીડિયા અભિયાન છે જે ડ્રાઈવરોને ઈલેક્ટ્રિક વાહનોના ફાયદાઓ ઓળખવા માટે પ્રોત્સાહિત કરે છે.
- વિશ્વ EV દિવસની પહેલ સસ્ટેનેબિલિટી મીડિયા કંપની Green TV દ્વારા બનાવવામાં આવી હતી.
- વિશ્વ EV દિવસની પ્રથમ આવૃત્તિ 2020માં ઉજવવામાં આવી હતી.

# પ્રધાનમંત્રી ટીબી મુક્ત ભારત અભિયાન

ભારતના રાષ્ટ્રપતિ શ્રીમતી દ્રૌપદી મુર્મુએ તાજેતરમાં વર્ચ્યુઅલ ઈવેન્ટ દ્વારા વર્ષ 2025 સુધીમાં ટીબીને નાબૂદ કરવા માટે 'પ્રધાનમંત્રી ટીબી મુક્ત ભારત અભિયાન' અને 'નિક્ષય 2.0' પોર્ટલ શરૂ કર્યુ છે.

## પ્રધાનમંત્રી ટીબી મુક્ત ભારત અભિયાન




આ અભિયાન વર્ષ 2025 સુધીમાં ટીબી નાબૂદી તરફ દેશની પ્રગતિને વેગ આપવા માટે સ્વાસ્થ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલયની પહેલ છે.

- આ અભિયાન હેઠળ કોઈપણ વ્યક્તિ, કોઈપણ પ્રતિનિધિ કે સંસ્થા ટીબીના દર્દીઓને દત્તક લઈ શકશે અને દત્તક લીધેલા દર્દીઓની કાળજી લેવામાં આવશે.
- આ અભિયાનના મુખ્ય ઉદ્દેશો નીચે મુજબ છે :

(a) ટીબીના દર્દીઓ માટે સારવારના પરિણામો સુધારવા માટે વાધારાની સહાય પૂરી પાડવી.

(b) 2025 સુધીમાં ટીબીનો અંત લાવવાની પ્રતિબદ્ધતાને પહોંચી વળવા સમુદાયની ભાગીદારીમાં વધારો

(c) કોર્પોરેટ સામાજિક જવાબદારી (CSR) પ્રવૃત્તિઓનો લાભ ઉઠાવવો.

## નિક્ષય 2.0 પોર્ટલ

નિક્ષય 2.0 પોર્ટલ (Nikshay 2.0 Portal) ટીબીના દર્દીઓને કોર્પોરેટ સોશિયલ રિસ્પોન્સિબિલિટી (CSR)ની તકોનો લાભ લેવા માટે સારવારના પરિણામો સુધારો કરવા, સમુદાયોની ભાગીદારી વધારવા અને 2025 સુધીમાં ટીબી નાબૂદી માટેની ભારતની પ્રતિબદ્ધતાને પૂર્ણ કરવા માટે વધારાની સહાય પૂરી પાડે છે.

- દર્દીઓની સંભાળ લેવા માટે જે લોકો અને સંસ્થાઓ આગળ આવશે તેઓને 'નિક્ષય મિત્ર' કહેવામાં આવશે.
- નિક્ષય મિત્ર સહાયનો સમયગાળો એક વર્ષથી ત્રણ વર્ષ સુધી પસંદ કરી શકાય છે. તેઓ રાજ્ય, જિલ્લો, બ્લોક અને આરોગ્ય સુવિધાઓ પણ પસંદ કરી શકે છે.
- નિક્ષય પોર્ટલમાં લગભગ 13.5 લાખ ટીબીના દર્દીઓ નોંધાયેલ છે, જેમાંથી 8.9 લાખ સક્રિય ટીબી દર્દીઓએ દત્તક લેવા માટે તેમની સમંતિ આપી છે.
- ડિજિટલ પોર્ટલ નિક્ષય ટીબીના દર્દીઓને સામુદાયિક સમર્થન માટે એક પ્લેટફોર્મ પૂરું પાડશે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

નોંધ: (1) ભારતમાં ક્ષય રોગને દૂર કરવા માટે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા ટીબી મુક્ત ભારત અભિયાન શરૂ કરવામાં આવ્યું હતું.

(2) આ અભિયાન સસ્ટેનેબલ ડેવલપમેન્ટ ગોલ્સના ભાગરૂપે 2025 સુધીમાં ટીબીને નાબૂદ કરવાના લક્ષ્યને હાંસલ કરવાનો પ્રયાસ કરે છે.

(3) જોકે વર્ષ 2025 સુધીમાં ટીબીને નાબૂદ કરવાનો લક્ષ્યાંક 2030 સુધીમાં ટીબીને નાબૂદ કરવાના વૈશ્વિક લક્ષ્ય કરતા 5 વર્ષ આગળ છે.

(4) ક્ષય રોગને અંગ્રેજીમાં ટૂંકમાં TB તરીકે ઓળખવામાં આવે છે.

(5) TBનું પૂરું નામ Tuberculosis છે.

## શ્રી નીરજ ચોપરા ઝુરિચ ડાયમંડ લીગ ફાઈનલ જીતનાર પ્રથમ ભારતીય બન્યા

તાજેતરમાં શ્રી નીરજ ચોપરા સ્વિત્ઝર્લેન્ડમાં પ્રતિષ્ઠિત 'ઝુરિચ ડાયમંડ લીગ ફાઈનલ 2022' જીતનાર પ્રથમ ભારતીય બન્યા છે.

- શ્રી નીરજ ચોપરાએ ઝુરિચ ડાયમંડ લીગમાં 88.44 મીટર થ્રો કરીને આ ટ્રોફી જીતી છે
- શ્રી નીરજ ચોપરાને હંગેરીમાં 2023 વર્લ્ડ એથ્લેટિક્સ ચેમ્પિયનશિપ માટે વાઈલ્ડ કાર્ડ, ડાયમંડ ટ્રોફી અને 30,000 અમેરિકન ડોલરની રકમ એનાયત કરવામાં આવી હતી.
- ડાયમંડ લીગને ઓલિમ્પિક્સ અને વર્લ્ડ ચેમ્પિયનશિપ પછીની સૌથી પ્રતિષ્ઠિત ટ્રેક અને ફિલ્ડ સ્પર્ધા ગણવામાં આવે છે.
- વર્ષ 2010માં શરૂ થયેલી આ લીગની 13મી આવૃત્તિ સ્વિત્ઝર્લેન્ડના ઝુરિચમાં યોજાઈ હતી.
- જેવેલિન થ્રોના પ્રસિદ્ધ ખેલાડી શ્રી નીરજ ચોપરાએ તેના શાનદાર પ્રદર્શનથી ભારતીય રમત ગમતને નવી ઊંચાઈઓ પર પહોંચાડી છે.




INSTITUTE FOR COMPETITIVE EXAMS

1. કયા દિવસે 'વિશ્વ આત્મહત્યા નિવારણ દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે ?

(A) 9 સપ્ટેમ્બર (B) 10 સપ્ટેમ્બર (C) 11 સપ્ટેમ્બર (D) 12 સપ્ટેમ્બર (B)

2. કયા દિવસના રોજ 'વિશ્વ EV દિવસ'ની ઉજવણી કરવામાં આવે છે ?

(A) 9 સપ્ટેમ્બર (B) 10 સપ્ટેમ્બર (C) 11 સપ્ટેમ્બર (D) 12 સપ્ટેમ્બર (B)

3. ભારતના રાષ્ટ્રપતિ શ્રીમતી દ્રૌપદી મુર્મુએ તાજેતરમાં એક વર્ચ્યુઅલ ઈવેન્ટ દ્વારા કયા વર્ષ સુધીમાં ટીબીને નાબૂદ કરવા માટે 'પ્રધાનમંત્રી ટીબી મુક્ત ભારત અભિયાન' શરૂ કર્યુ છે ?

(A) 2025 (B) 2028 (C) 2035 (D) 2050 (A)

4. તાજેતરમાં ચર્ચામાં રહેલ 'પ્રધાનમંત્રી ટીબી મુક્ત ભારત અભિયાન' સંદર્ભે નીચેના પૈકી કયા વિધાન સાચા છે ?

(A) વર્ષ 2025 સુધીમાં ટીબી નાબૂદી તરફ દેશની પ્રગતિને વેગ આપવા માટે સ્વાસ્થ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલયની પહેલ છે.

(B) આ અભિયાન હેઠળ કોઈપણ વ્યક્તિ, કોઈપણ પ્રતિનિધી કે સંસ્થા ટીબીના દર્દીઓને દત્તક લઈ શકશે અને દત્તક લીધેલા દર્દીઓની કાળજી લેવામાં આવશે.

(C) (A) અને (B) બંને સાચા

(D) (A) અને (B) બંને ખોટા (C)

5. તાજેતરમાં કયા ભારતીય ખેલાડી 'ઝુરિચ ડાયમંડ લીગ'ની ફાઈનલ જીતનાર પ્રથમ ભારતીય બન્યા છે ?

(A) શ્રી નીરજ ચોપરા (B) શ્રી બજરંગ પુનિયા

(C) શ્રી શિવપાલ સિંહ (D) શ્રી દેવેન્દ્ર ઝાંઝરિયા (A)

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

# ONE LINER

## ગુજરાત

➤ **36મી નેશનલ ગેમ્સ ઓર્ગેનાઈઝિંગ કમિટીની બેઠક મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની અધ્યક્ષતામાં યોજાઈ**

તાજેતરમાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની અધ્યક્ષતામાં ગુજરાતમાં યોજનારી 36મી નેશનલ ગેમ્સના સફળ આયોજન માટેની સમિતિની બેઠક યોજવામાં આવી હતી. દેશના 36 રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોના અંદાજે 8 હજાર ખેલાડીઓ વિવિધ 36 રમતોમાં ભાગ લેવાના છે. આ રમોત્સવની વિવિધ સ્પર્ધાઓ ગુજરાતના 6 શહેરો અમદાવાદ, વડોદરા, રાજકોટ, સુરત, ભાવનગર અને ગાંધીનગરમાં યોજાશે. આ શહેરોમાં કુલ 17 સ્થળોએ 36 અલગ–અલગ રમતોનું આયોજન કરવા માટે મુખ્ય સચિવ શ્રી પંકજ કે ઉમરના નેતૃત્વમાં રાષ્ટ્રીય રમતની કાર્યકારી સમિતીની રચના કરવામાં આવી છે. આ ઉપરાંત 6 મહાનગરોમાં સિટી કમિટીની જવાબદારી સચિવ કક્ષાના અધિકારીઓને સોંપવામાં આવી છે.

ICE ® INSTITUTE FOR COMPETITIVE EXAMS

➤ **ઓલ ઈન્ડિયા પ્રિઝન ડ્યુટી મીટ- 2022**

કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી શ્રી અમિત શાહે ગુજરાતમાં આયોજિત છઠ્ઠી ‘ઓલ ઈન્ડિયા પ્રિઝન ડ્યૂટી મીટ 2022’નું ટ્રાન્સસ્ટેડિયા, અમદાવાદ ખાતેથી ઉદ્‌ઘાટન કર્યુ હતું. સામાજિક વ્યવસ્થા જાળવવા માટે જેલ પ્રશાસન એ એક મહત્વપૂર્ણ ભાગ છે, ત્યારે જેલોમાં સુધારા કરવા અને કેદીઓનું પુનર્વસન કરવું પણ એટલુ જ જરૂરી છે. વર્તમાન કેન્દ્ર સરકારે જેલ સુધારણાને પ્રાથમિકતા આપી છે. આ ત્રણ દિવસીય છઠ્ઠી ‘ઓલ ઈન્ડિયા પ્રિઝન ડ્યૂટી મીટ 2022’માં 19 રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોના 1031 જેલ અધિકારી–કર્મચારીઓ 18 વિવિધ સ્પર્ધામાં ભાગ લઈ રહ્યા છે.

## ભારત

➤ **લદ્દાખમાં ડાર્ક સ્કાય રિઝર્વ**

એક અનોખી અને પ્રથમ પ્રકારની પહેલમાં વિજ્ઞાન અને ટેકનોલોજી વિભાગે લદ્દાખમાં ભારતનું પ્રથમ નાઈટ સ્કાય અભયારણ્ય (Night Sky Sanctuary) સ્થાપવાનું નક્કી કર્યુ છે. આ સૂચિત ડાર્ક સ્કાય રિઝર્વ લદ્દાખના હેનલેમાં ચાંગથાંગ વન્યજીવ અભયારણ્યના ભાગરૂપે સ્થિત હશે. તે ભારતના એસ્ટ્રો–ટૂરિઝમને વેગ આપશે અને ઓપ્ટિકલ, ઈન્ફ્રારેડ અને ગામા–રે ટેલિસ્કોપ માટે વિશ્વના સૌથી ઊંચા સ્થળોમાનું એક હશે. લદ્દાખના લેહ જિલ્લાના ચાંગથાંગ ઉચ્ચપદેશમાં સ્થિત 'ચાંગથાંગ વન્યજીવ અભયારણ્ય'એ લદ્દાખ ક્ષેત્રમાં સૌથી લોકપ્રિય અભયારણ્ય છે. નોંધનીય છે કે ઈન્ટરનેશનલ ડાર્ક સ્કાય એસોસિએશન એ યુએસ સ્થિત નોન–પ્રોફિટ સંસ્થા છે. જે તેઓ પ્રદાન કરેલા માપદંડોના આધારે સ્થાનોને ઈન્ટશનેશનલ ડાર્ક સ્કાય પ્લેસ પાર્ક, અનામત અને સંરક્ષિત વિસ્તારો તરીકે નિયુક્ત કરે છે.

➤ **'પ્રમોશન ઓફ બલ્ક ડ્રગ પાર્ક' યોજના**

ફાર્માસ્યુટિકલ વિભાગે તાજેતરમાં 'બલ્ક ડ્રગ પાર્ક સંવર્ધન' (Promotion of Bulk Drug Parks) યોજના હેઠળ ત્રણ રાજ્યો–હિમાચલ પ્રદેશ, ગુજરાત અને આંધ્રપ્રદેશમાં બલ્ક ડ્રગ પાર્ક સ્થાપવાની દરખાસ્તોને 'સૌદ્ધાંતિક' મંજૂરી આપી છે. દેશમાં બલ્ક ડ્રગ મેન્યુફેક્ચરિંગને ટેકો આપવા માટે આ એક મોટી પહેલ છે. આ યોજના હેઠળ 13 રાજ્યોમાંથી બલ્ક ડ્રગ પાર્ક બનાવવાની દરખાસ્તો મળી હતી. જેમાંથી હિમાચલપ્રદેશ, ગુજરાત અને આંધ્રપ્રદેશની પસંદગી કરવામાં આવી છે. ગુજરાત અને આંધ્રપ્રદેશમાં સૂચિત બલ્ક ડ્રગ પાર્ક માટે નાણાકીય સહાય વહેંચાયેલ ઈન્ફ્રાસ્ટ્રક્ચરના પ્રોજેક્ટ ખર્ચના 70% હશે. તથા પર્વતીય રાજ્ય હિમાચલ પ્રદેશ માટે નાણાકીય સહાય કુલ પોજેક્ટ ખર્ચના 90 ટકા હશે. આ યોજના હેઠળ હોલસેલ ડ્રગ પાર્ક માટે મહત્તમ સહાય રૂ. 1000 કરોડ સુધી મર્યાદિત હશે. નોંધનીય છે કે ગુજરાતમાં ભરૂચ જિલ્લાના જંબુસર તાલુકામાં 2015.02 એકર જમીનમાં સ્થાપવામાં આવશે. આ યોજના હેઠળ વિકસાવવામાં આવનાર બલ્ક ડ્રગ પાર્ક એક જગ્યાએ સામાન્ય માળખાકીય સુવિધાઓ પૂરી પાડશે, જેનાથી દેશમાં જથ્થાબંધ દવાના ઉત્પાદન માટે એક મજબૂત ઈકોસિસ્ટમનું નિર્માણ થશે અને ઉત્પાદન ખર્ચમાં પણ નોંધપાત્ર ઘટાડો થશે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS

➤ **કર્ણાટક સરકારે 'VentuRISE' સ્ટાર્ટઅપ ચેલેન્જ શરૂ કરી**

કર્ણાટક સરકારે ઉત્પાદન અને ટકાઉપણુ સંબંધિત ક્ષેત્રોમાં વૃદ્ધિના તબક્કાના સ્ટાર્ટઅપને ઓળખવા, પુરસ્કાર આપવા અને સમર્થન આપવા માટે તાજેતરમાં 'VentuRISE'–ગ્લોબલ સ્ટાર્ટઅપ ચેલેન્જ શરૂ કરી છે. આ સ્ટાર્ટઅપ ચેલેન્જ 2 થી 4 નવેમ્બર, 2022 દરમિયાન યોજનારી બેંગ્લોર પેલેસ ફ્લેગશિપ ઈવેન્ટનો એક ભાગ છે. આ વૈશ્વિક પડકાર વિશ્વભરના ઉભરતા સાહસિકોને તેમના ઉત્પાદન અથવા સોલ્યુશન્સ પ્રદર્શિત કરવાની તેમના સાહસોને ટેકો આપવા માટે મજબૂત નેટવર્ક બનાવવાની તક પૂરી પાડશે. આ પડકાર આગામી બે મહિના માટે ક્ષેત્રના નિષ્ણાતો દ્વારા આયોજિત સ્ક્રીનીંગ અને પસંદગી પ્રક્રિયા દ્વારા ઉત્પાદન અને ટકાઉપણુ–સંબંધિત ક્ષેત્રોમાં સ્ટાર્ટઅપ્સ પર ધ્યાન કેન્દ્રિત કરશે. તેના વિજેતાઓ માટે 1,00,000નું રોકડનું ઈનામ રાખવામાં આવ્યું છે. આ સ્ટાર્ટઅપ ચેલેન્જ 3 રાઉન્ડની ચેલેન્જ હશે જે 2 મહિનાના સમયગાળામાં હાથ ધરવામાં આવશે.

➤ **NGTએ પશ્ચિમ બંગાળ પર 3,500 કરોડ રૂપિયાનો દંડ ફટકાર્યો**

તાજેતરમાં નેશનલ ગ્રીન ટ્રિબ્યુનલ (NGT)એ ઘન અને પ્રવાહી કચરાનું સંચાલન કરવામાં નિષ્ફળ રહેવા બદલ પશ્ચિમ બંગાળ પર 3,500 કરોડ રૂપિયાનો પર્યાવરણીય દંડ ફટકાર્યો છે. નાણાકીય વર્ષ 2022-23ના બજેટમાં પશ્ચિમ બંગાળ સરકારે શહેરી વિકાસ અને નગરપાલિકાઓ સાથે સંબંધિત બાબતો પર લગભગ 12,818 કરોડ રૂપિયા ખર્ચ કરવાની જોગવાઈ કરી હતી. પરંતુ રાજ્ય સરકારે આ દિશામાં કોઈ ખાસ કામ કર્યું નથી. NGT અનુસાર પશ્ચિમ બંગાળના શહેરી વિસ્તારો દરરોજ 2,758 મિલિયન ગંદા પાણીનું ઉત્પાદન કરે છે. જ્યારે સુએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટ દ્વારા ટ્રીટમેન્ટ ક્ષમતા માત્ર 1505.85 MLD છે. તેથી , માત્ર 1268 MLD ગંદા પાણીને ટ્રીટ કરવામાં આવે છે અને 1490 MLD ગટરનું ટ્રીટમેન્ટ બાકી રહે છે. પશ્ચિમ બંગાળ સરકારે 3,500 કરોડનો દંડ બે મહિનામાં જમા કરાવવો પડશે.

➤ **ગેસ મૂલ્ય નિર્ધારણ ફોર્મ્યુલા સમીક્ષા**

પેટ્રોલિયમ અને કુદરતી ગેસ મંત્રાલયે સ્થાનિક રીતે ઉત્પાદિત ગેસના હાલના ભાવ નિર્ધારણ સૂત્રની સમીક્ષા કરવા માટે જાણીતા ઉર્જા નિષ્ણાત શ્રી કિરીટ પરીખની અધ્યક્ષતામાં એક સમિતિની રચના કરી છે. સ્થાનિક ગેસના ભાવ વિક્રમી ઊંચાઈએ છે અને હાલના રશિયા–યુક્રેન સંઘર્ષને કારણે વૈશ્વિક ભાવમાં ઉછાળો આવતા તેમાં વધુ વધારો થવાની ધારણા છે. વૈશ્વિક કુદરતી ગેસના ભાવમાં તેજીથી ઉર્જા અને ઔદ્યોગિક ખર્ચમાં વધારો થયો છે. અને ફુગાવાને અંકુશમાં લેવાના પ્રયાસોની ચિંતામાં વધારો કરી રહી છે. આથી ગેસ મૂલ્ય નિર્ધારણ ફોર્મ્યુલા સમીક્ષા જરૂરી છે.

JOIN Our Official Telegram ચેનલ t.me/icerajkotofficial CLICK HERE icerajkot

➢ **ભારતની પ્રથમ ઈન્ટ્રાનાસલ કોરોના રસી રજૂ કરવામાં આવી**


ભારત બાયોટેક દ્વારા દેશની પ્રથમ ઈન્ટ્રાનાસલ કોવિડ રસીને તાજેતરમાં 18 વર્ષથી વધુ ઉંમરના લોકો માટે ચેપ સામે પ્રાથમિક રસીકરણ માટે DCGI મંજૂરી મળી છે. આ રસીને ChAd36- SARS-Cov-S Covid-19 નામ આપવામાં આવ્યું છે. ChAD36- SARS-Cov-S Covid-19 (ચિમ્પાન્ઝી એડેનોવાયરસ વેક્ટરેડ) ભારત બાયોટેક દ્વારા કોવિડ– 19 માટે રિકોમ્બિનન્ટ નેસલ વેક્સિન તેની પ્રકારની સોયમુક્ત રસીમાંથી પ્રથમ છે. આ રસીની મંજૂરી પહેલા હૈદરાબાદ સ્થિત ભારત બાયોટેક ઈન્ટશરનેશનલ લિમિટેડે લગભગ 4,000 સ્વયંસેવકો પર આ રસીની ત્રીજા તબક્કાના ટ્રાયલ હાથ ધર્યા હતા. આ એક નવી ઈન્ટ્રાનાસલ રસી છે જે સોય (ઈન્જેક્શન)ની મદદ વગર આપવામાં આવે છે.

## વિશ્વ

➢ **આર્ટેમિસ- I મિશન**

નાસાનું મહત્વાકાંક્ષી ચંદ્ર મિશન એટલે કે ઓર્ટેમિસ–Iને થોડા સમય માટે સ્થગિત કરી દેવામાં આવ્યું છે. કારણ કે 29 ઓગસ્ટના રોજ મિશનને લોન્ચ કરવાના થોડા સમય પહેલા જ વૈજ્ઞાનિકોએ રોકેટમાં ફ્યુઅલ લીકેજ અને તીરાડ જોઈ હતી. આથી નાસાએ આ મિશનને થોડા સમય માટે સ્થગિત કરી દીધુ છે. ઓર્ટેમિસ–I મિશન નાસાનું માનવરહિત મિશન છે. તે એજન્સીની સ્પેસ લોન્ચ સિસ્ટમ (SLS) રોકેટ અને એરિયન ક્રૂ કેપ્સ્યુલ પરીક્ષણ કરશે.

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS



## ICE ? Questions

- ટૂંક સમયમાં ગુજરાતમાં કેટલામી નેશનલ ગેમ્સનું આયોજન થશે ? – 36મી
- કેન્દ્રીય ગૃહમંત્રી શ્રી અમિતભાઈ શાહે ગુજરાતમાં આયોજિત છઠ્ઠી 'ઓલ ઈન્ડિયા પ્રિઝન ડ્યૂટિ મીટ 2022' નું ............ખાતેથી ઉદ્‌ઘાટન કર્યુ હતું. – ટ્રાન્સસ્ટેડિયા, અમદાવાદ
- આર્ટેમિસ–I મિશન કઈ સ્પેસ એજન્સી સાથે સંકળાયેલું છે ? – નાસા
- વિજ્ઞાન અને ટેકનોલોજી વિભાગે ..........માં ભારતનું પ્રથમ નાઈટ સ્કાય અભ્યારણ્ય (Night Sky Sanctury) સ્થાપવાનું નક્કી કર્યુ છે. – લદ્દાખ
- કઈ રાજ્ય સરકારે 'VentuRISE' સ્ટાર્ટઅપ ચેલેન્જ શરૂ કરી છે ? – કર્ણાટક
- NGTએ કઈ રાજ્યને 3,500 કરોડ રૂપિયાનો દંડ ફટકાર્યો છે ? – પશ્ચિમ બંગાળ
- પેટ્રોલિયમ અને કુદરતી ગેસ મંત્રાલયે સ્થાનિક રીતે ઉત્પાદિત ગેસના હાલના ભાવ નિર્ધારણ સૂત્રની સમિક્ષા માટે જાણીતા ઉર્જા વિભાગના નિષ્ણાંત ............ની અધ્યક્ષતામાં એક સમિતિની રચના કરવામાં આવી છે. શ્રી કિરિટસિંહ પરીખ
- તાજેતરમાં ભારતની પ્રથમ ઈન્ટ્રાનાસલ કોરોના રસી કોના દ્વારા રજૂ કરવામાં આવી છે ? – ભારત બાયોટેક

ICE® INSTITUTE FOR COMPETITIVE EXAMS






1. ભારતનું પ્રથમ ‘નાઈટ સ્કાય અભયારણ્ય’ કયા રાજ્ય અથવા કેન્દ્રશાસિત પ્રદેશમાં સ્થાપિત કરવામાં આવશે ? – લદ્દાખ
2. નેશનલ ગ્રીન ટ્રિબ્યુનલ (NGT) દ્વારા કચરાના વ્યવસ્થાપન નિયમોનું ઉલ્લંઘન કરવા બદલ કઈ રાજ્ય સરકારને રૂ. 3,500 કરોડનો દંડ ફટકારવામાં આવ્યો છે ? – પશ્ચિમ બંગાળ
3. તાજેતરમાં યોજાયેલી 30મી દક્ષિણી ક્ષેત્રીય પરિષદ બેઠકનું આયોજન સ્થળ કયું છે ? – તિરુવનંતપુરમ
4. નેશનલ લીગલ સર્વિસ ઓથોરિટીના કાર્યકારી અધ્યક્ષ તરીકે કોને નિયુક્ત કરવામાં આવ્યા છે ? – જસ્ટિસ ડી.વાય. ચંદ્રચૂડ
5. ઈન્ટરનેશનલ મોનેટરી ફંડ (IMF)એ કયા દેશની આર્થિક કટોકટીનો સામનો કરવા માટે 2.9 બિલિયન અમેરિકન ડોલરની લોન મંજૂર કરી છે ? – શ્રીલંકા
6. EV બેટરી સલામતી ધોરણો પર માર્ગ પરીવહન અને ધોરીમાર્ગ મંત્રાલય દ્વારા રચાયેલ નિષ્ણાત સમિતિના વડા કોણ છે ? – ટાટા નરસિમ્હા રાવ
7. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે શિક્ષક દિન અવસરે રાજ્યના શ્રેષ્ઠ શિક્ષક પારિતોષિક વિજેતા ..........ગુરૂવર્યોનું સન્માન કર્યુ હતું. – 44
8. તાજેતરમાં SBIએ એક સંશોધન અહેવાલ બહાર પાડ્યો છે. જેમાં જણાવ્યું છે કે ભારત ..........સુધીમાં વિશ્વની સૌથી મોટી અર્થવ્યવસ્થા બનાવાની સંભાવના છે. – 2030
9. 36મી નેશનલ ગેમ્સ અમદાવાદના માસ્કોટનું નામ શું છે ? – Savaj
10. કયું રાજ્ય ‘સ્ટેટ સાયન્સ એન્ડ ટેકનોલોજી મિનિસ્ટર્સ કોન્ફરન્સ’નું આયોજન કરશે ? – ગુજરાત
11. કોવિડ–19 રસીના સોય મુક્ત સંસ્કરણને મંજૂરી આપનાર પ્રથમ દેશ કયો છે ? – ચીન
12. ‘યુનેસ્કો ગ્લોબલ નેટવર્ક ઓફ લર્નિંગ સિટીઝ’માં કયા શહેરો જોડાયા છે ? – વારંગલ, થ્રિસુર અને નિલામ્બુર (તેલંગાણાનું નારંગલ તથા કેરળના થ્રિસુર અને નિલામ્બુર યુનેસ્કો ગ્લોબલ ઓફ લર્નિંગ સિટિઝ (GNLC)માં જોડાયા છે. 44 દેશોના 77 શહેરો તાજેતરમાં આ યદીમાં સામેલ થયા છે.)
13. સરકારે કયા શહેરમાં ઈલેક્ટ્રોનિક્સ મેન્યુફેક્ચરિંગ કલસ્ટર (EMC)ની મંજૂરી આપી છે ? – પૂણે
14. ‘ઈન્દિરા ગાંધી શહેરી રોજગાર ગેરંટી યોજના’ કયા રાજ્યની પહેલ છે ? – રાજસ્થાન
15. બેંગ્લુરુ સ્પેસ એક્સ્પો દરમિયાન સ્પેસ ટેકનોલોજીમાં ઈસરોએ કઈ દેશની સ્પેસ એજન્સી સાથે ભાગીદારી કરી છે ? – ઓસ્ટ્રેલિયા

INSTITUTE FOR COMPETITIVE EXAMS

**16.** **WHOએ 2030 સુધીમાં સમગ્ર આફ્રિકામાં કયા રોગ માટે રસીનો સમાવેશ કરવા 1.5 બિલિયન અમેરિકન ડોલરનું અભિયાન શરૂ કર્યુ છે ?** – બેક્ટેરિયલ મેનિન્જાઈટિસ

**17.** **ભારતે કયા દેશ સાથે મળીને ઈન્ટરનેશનલ કાઉન્ટર રેન્સમવેર ઈનિશિયેટિવના સાયબર સુરક્ષા કવાયતનું આયોજન કર્યુ હતું ?** – યુ.કે.

**18.** **……….રાજ્ય જીવિકા તરીકે ઓળખાતા તેના ગ્રામિણ આજિવિકા પ્રમોશન કાર્યક્રમ દ્વારા જપ્ત કરાયેલી દારૂની બોટલોમાંથી કાચની બંગડીઓ બનાવવાની તૈયારી કરી રહ્યું છે.** – બિહાર

**19.** **તાજેતરમાં લોન્ચ કરવામાં આવેલ નિક્ષય 2.0 પોર્ટલ કયા રોગ સાથે સંબંધિત છે ?** – ક્ષય


**20.** **UG પ્રોગ્રામ્સ પૂર્ણ કરવા માટે મહિલા વિદ્યાર્થીઓને માસિક નાણાકીય સહાય પૂરી પાડવા માટે કયા રાજ્યએ 'પુધુમાઈ પેન યોજના'શરૂ કરી છે ?** – તમિલનાડુ

**21.** **પ્રધાનમંત્રી ગતિ શક્તિ માટે રેલવેની જમીન લાંબાગાળાની ભાડાપટ્ટે આપવાની નીતિ મુજબ કેટલા સમયગાળા સુધી જમીન લીઝ પર આપવામાં આવે છે ?** – 35

**22.** **કયું રાજ્ય 9 સપ્ટેમ્બરને હિમાલય દિવસ તરીકે ઉજવે છે ?** – ઉત્તરાખંડ

**23.** **કયા રાજ્યએ 'રેસિડેન્ટ્સ સેફટી એન્ડ સિક્યુરિટી એક્ટ' નામનું બહુહેતુક ઓનલાઈન પોર્ટલ શરૂ કર્યુ છે ?** – મેઘાલય

ICE INSTITUTE FOR COMPETITIVE EXAMS ®

**ICE દ્વારા GPSC તથા વર્ગ-3ની તમામ સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટે ટુ ધી પોઈન્ટ પરીક્ષાલક્ષી નવું મટીરીયલ્સ**




**આ પુસ્તકો તમામ અગ્રગણ્ય બુક સ્ટોર તથા અમારી વેબસાઇટ iceonline.in પર ઉપલબ્ધ છે.**

ICE®

INSTITUTE FOR COMPETITIVE EXAMS

| Website | YouTube |
| --- | --- |
| iceonline.in | icerajkot |

| WhatsApp | Telegram |
| --- | --- |
| joinicerajkot.com | t.me/icerajkotofficial.com |

| Instagram | Facebook |
| --- | --- |
| icerajkot | icerajkot |

| Twitter | ICE Magic |
| --- | --- |
| icerajkot | ICE® MAGIC WEEKLY CURRENT AFFAIRS Free Download |

અમારી સાથે જોડાવા માટે અહી આપેલ Social Media Icon પર Click કરો.